# અધ્યાત્મ



વર્ષ : ૨૦ માર્ચ–૧૯૯૯ અંક : ૬

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

## Form–IV ( See Rule–8 )

| | |
|---|---|
| 1. Place of Publication : | 'PARAMDHAM.' plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its : publication | Monthly. |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani, Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar–1 |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and Partners, share–holders holding more than one percent of the total capital. | The Magazine is owned by pujya Mahatma Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 17 th, March 1999

Narayan H. Jani
Publisher.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પ્રસન્ન મુદ્રામાં

પ્રાકટ્ય : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧

બ્રહ્મલીન : ૧૮ માર્ચ ૧૯૮૪

## * મારાં બધાં કાર્યોમાં *

મારાં બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું,
તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માગું છું. મારાં૦

તમારું સ્મરણ અંતરમાં અખંડપણે ભલે ચાલે,
તમારાં ભાવનાં ફૂલો ભલે હરરોજ ને ફાલે;
ખરે ઉપકાર માનું કે તમારાંમાં જ જાગું છું. મારાં૦

તમારો સાથ ને સહકાર જીવનમાં મળી જાયે,
કમી શી ધન્યતાની, કૃપાની વર્ષા સદા થાયે;
તમારી છત્રછાયા મધુર તેમ જ હૂંફ માગું છું. મારાં૦

હશે ચિંતા પછી કૈં ના તમારા દિવ્ય સહવાસે,
તમારી શુભાશિષથી દર્દ, ભય ને સંકટે નાસે;
થઈ પાગલ પગે હૈયાથકી હરરોજ લાગું છું. મારાં૦

— યોગેશ્વરજી

[નોંધ : આ ગીત બને તો મોઢે યાદ કરી લો અને રોજ ગાઓ.

જો તે ન બને તો પહેલી બે લીટીઓ રોજ સવારે ઊઠી પ્રભુને વંદન કરતાં ભાવપૂર્વક ગાતાં ગાતાં પ્રભુને પ્રણામ કરો. તેની મદદ માગો. જે સાચા દીલથી માંગે છે, તેને તે મળે છે.

પરંતુ રખે, સાંસારિક વસ્તુઓ માગી બેસતા! નહિ તો રાજા પાસે જઈને એક દિનની ખીચડી માગ્યા જેવું થશે. — તંત્રી]

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૩૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સદ્દગુરુ યોગેશ્વર વંદના | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૧૦ |
| ચૂંટી કાઢેલા પ્રેરક પ્રસંગો | પરમાર્થી | ૧૮ |
| આત્મચિંતન | પંડિત દેવકૃષ્ણ શાસ્ત્રી | ૨૭ |
| આત્મન્ ! તું તો... | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૩ |
| ચંદાબાઇ | પ્રો. રમેશભાઇ પરીખ | ૩૪ |
| પૂ. મોટાના જીવનપ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૯ |
| ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૪ | ડો. બી. જે. જાગાણી | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૦ માર્ચ–૧૯૯૯ અંક : ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

[નોંધ : આ લખાણની ડાયરી ઉપલબ્ધ ન હતી. તેથી ફેબ્રુ-આરી, ૯૯ ના અંકમાં આગળની ડાયરીનું લખાણ મૂકેલું. હવે તે ઉપલબ્ધ થઇ છે, તેથી જાન્યુ. ૯૯ ના અંકથી આનું અનુસંધાન ગણવું. ક્ષતિ બદલ દિલગીર છીએ. — તંત્રી]

**તા. ૧૧–૭–૮૧, શનિવાર, અષાઢ સુદ દસમ, ૨૦૩૭,**

**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ.**

આબુ થઇ અમદાવાદ આવી ગયા. આજે સાત દિવસ થઇ પણ ગયા. અહીં ઉપરના માળ પર સ્વતંત્ર ત્રણ–ચાર રૂમનો સંડાસ–બાથરૂમવાળો ઉતારો છે. અહીં પ્રકાશ ને પવન કોઇ હવા-ખાવાના સ્થળ જેવા રહે છે. પૂ. શ્રીને આ સ્વતંત્ર ઉતારો પ્રિય છે, એટલે અહીં વધારે રોકાવાનું પૂ. શ્રી પસંદ કરે છે.

પૂ. શ્રી સવારે સમયસર ઊઠી જાય છે. વ્યાયામ, ગીતાપાઠ, મંત્રજપ અતિનિયમિતપણે ચાલ્યા જ કરે છે. લેખનકાર્ય ૧૧–૩૦ સુધી ચાલે છે. સમયસર ભોજન લઈ લેવાનું બને છે.

આજે વળી પૂ. શ્રી ૐ સહનાવવતુ તો બોલે જ છે. વળી સાથે સાથે આજે ભોજનની થાળી સામે બેસીને પૂ. શ્રી આગળ બોલે છે કે પ્રભુ આ અનાજમાંથી અમને સદ્‌બુદ્ધિ આપજો. સત્કર્મ કરાવજો. ઉત્તમ વિચારો સાથે આપજો.

ભોજનબાદ પૂ. શ્રી મુલાકાત આપે છે. આજે નંદુભાઈનો પરિવાર, બાબુભાઈ, નરેન્દ્રભાઈ, દમયંતીબેન, અતુલ વિગેરે આવીને પ્રણામ કરી બેઠા છે.

ભાવવધારો, રાજકારણની વાતો થઈ. અંતે પૂ. શ્રીએ કહ્યું : ઇન્દીરાજીએ સંજયના મૃત્યુ પછી કુદરતની આ ઘટનામાંથી જાગ્રત રહી, પાઠ શીખી, સત્કર્મ કરી દેશની સેવા કરવી જોઈએ.

કેટકેટલા જીવો જગમાં આવ્યા તેમ જ ચાલ્યા,
કોઈ પરમ ભાગ્યશાળી અલિપ્ત બની મહાલ્યા,
કોઈ ફૂલે મુગ્ધ બન્યા, તો કોઈ ડૂબ્યા ગંધે.
કોઈ ફળમાં કે શાખામાં, કોઈ રસાળ રંગે,
આકર્ષાયા ને લેપાયા કોઈ સરોવર જોઈ,
કોઈએ સૌંદર્યતા નિહાળી સ્વસ્થતા ખોઈ.

(પૂ. શ્રીએ પોતાનું કાવ્ય ગાઈ બતાવ્યું.)

કોઈનું મરણ થાય તો વિવેક થાય. વિવેક ન હોય તો સ્વાર્થી થઈને કામો કરે.

જગતમાં કોઈ નથી કોઈ તણું,
અહીં માનવ જેહની મમતા કરે,
મોહ ને આસક્તિ ધરે.



(વળી પૂ. શ્રી પોતાનું બીજું કાવ્ય સમજાવે છે.)

**પ્રશ્ન** : કોઈકવાર મન અસ્વસ્થતા અનુભવે તો શું કરવું?

**પૂ. શ્રી** : મંત્ર સાથે જપ કરતા હો તો મનથી મંત્ર વાંચો. બોલો નહીં. મંત્રને વાંચતા વાંચતા શ્વાસ રોકવાનો થોડીવાર પ્રયત્ન કરો તો લાભ થશે. આપણને ઘર, વાતાવરણ, સમાજ, નોકરીના સ્થાનની પણ અસર થાય જ ને. જે વાતાવરણમાં રહીએ તે વાતાવરણ એકસરખું રહેતું નથી. એટલે વાતાવરણની છબીઓ જે જે મનપર પડી હોય, તે જ બધી ધ્યાનમાં આવે પણ ખરી.

અમે પણ હમણાં મા સર્વેશ્વરીના ગામ કપૂરા ગયેલા. ત્યાં ઝામ્બીયાથી આવેલા શ્રી ઈશ્વરભાઈ રામભાઈએ એમની શ્રદ્ધા કેવી તેની વાત કરી. તો તેમના મનમાં જે છાપ અમારી ઝામ્બીયાની મુલાકાત વખતે પડી, તે વ્યક્ત કરી.

આઘાત-પ્રત્યાઘાત મનપર અસર પાડે છે. થોડીવાર લાગે પણ, નિરાશ ન થવું. પણ પછી પ્રભુપ્રત્યે પ્રેમ જાગે એટલે પ્રેમ જ નુસ્ખો થઈ જાય.

જમનારાઓને આપણે જોઈએ છે. તેઓને કેટલો બધો ભોજનમાં રસ છે તે જોજો. થાળીમાં ચટની પ્રથમ મૂકાઈ તો તે ખાવા માંડે. વળી અથાણું પીરસાઈ તો તે ખાવા મંડી જાય. જે જે વસ્તુ આવે તેને ખાવા માંડે, તો કેવો રસ છે? સંગીત, ચિત્ર, શિલ્પવાળા, એ કળા સાધ્ય કરવા દટાઈ જાય છે. જે વસ્તુમાં માનવને રસ છે, તેમાં તેમાં જલદી મન જોડાઈ જાય. તેમ જો પ્રભુમાં રસ કે પ્રેમ પ્રગટે, તો પછી કાર્ય થયા જ કરે છે. કોઈ એક જન્મે કંઈ મીરાં થોડું બનાય છે? સાધના કરતાં જ રહીએ તો પામીશું.

**પ્રશ્ન :** ધ્યાન ક્યાં ધરવું જોઇએ? આજ્ઞાચક્ર કે અનાહતચક્ર પર?

**પૂ. શ્રી :** મને ઘણા પૂછે છે કે હું બાજરીનો રોટલો ખાઉં કે ઘઉંનો રોટલો ખાઉં?

તો હું કહું છું, એમાં તો તમે ઋતુ, શરીર ને અનુકૂળ હોય તે ખાશો. તેમ ભક્તો, યોગી, જ્ઞાની આજ્ઞાચક્ર પર ધ્યાન કરે એવું કહેવાય છે. પણ તમે સાચે જ ધ્યાનમાં લાગી જાઓ તો ચક્ર રહે છે ખરાં! ના. એ બધાં ચક્ર ભૂલવાનાં છે. તો જ પેલા પરમાત્માના ચક્રમાં દાખલ થઇ શકાશે.

**પ્રશ્ન :** કૃપા મેળવવા પુરુષાર્થ કે કૃપા પોતે જ વરસે?

**પૂ. શ્રી :** કૃપા મેળવવા પણ પુરુષાર્થ તો કરીશુંને! સંત આવ્યા છે એમ તમે સાંભળ્યું. તો તેની કૃપા મેળવવી હોય તો ઘરેથી ચાલવાનો પુરુષાર્થ તો કરશો ને? ચાલીને આવ્યા પણ તે મકાનમાં નીચેથી જ વળી બેસી જાઓ તો? પણ સંત પાસે જાઓ. બેસો ને પૂછો. વળી કંઇ પૂર્વગ્રહ ન હોય તો, કંઇક સંત પાસેથી કે સત્સંગમાંથી પામશો. તેમ પ્રભુકૃપા માટે હૃદય ખુલ્લું મૂકો. કૃપા વરસી જ રહી છે એમ માનજો. જન્મ થયો, એ પણ પ્રભુકૃપા. ઘણાં બાળકો ગર્ભમાં મૃત્યુ પામે છે. જન્મ્યા તો સારી રીતે તો તે કૃપા. ઘણાને જન્મતાં જ હાથપગ તૂટેલા, આંખ આંધળી, જન્મથી જ રોગી, તો આપણામાં એવી કોઇ ખામી નથી તો સારી રીતે જન્મ્યા, તે પણ કૃપા જ ને! આપણું પારસલ સલામત તો આવ્યું.

અમારા મુંબઇના જે. વી. ભાઇ ખૂબ પ્રેમી ને શ્રદ્ધાળુ. તેનો એક નિયમ ઘણો સારો. તેઓ દરવરસે કેરી અમને ને મહેસાણા કૈલાસસાગર મહારાજને પારસલમાં મોકલે, પછી જ તેઓ કેરી



ખાય. પારસલ બરાબર બધી કેરીઓ મૂકીને કરે. પણ ઘણીવાર કેરીઓ એક–બે જ આવે. વચ્ચે રેલ્વે પારસલમાં તે કેરી લોકો કાઢી લે. કોઇક જ વાર બધી કેરીઓ મળે.

જીવો પણ એમ પ્રભુમાંથી નીકળે ત્યારે પૂર્ણ જ હોય. વચગાળાના વખતમાં તે અપૂર્ણ થઇ જાય. વળી વિદાય થઇ પ્રભુમાં ભળે ત્યારે પૂર્ણ થાય. સૂર્ય, પૃથ્વી, પવન, જન્મ્યા તો માની છાતીમાં દૂધ તૈયાર, કોઇ કે બંધાવેલી સ્કૂલો તૈયાર, કોકે લખેલાં પુસ્તકો તૈયાર, પરણાવવા મા–બાપ પણ તૈયાર. તો એ બધી કૃપા છે કે બીજું કાંઇ!

સદ્‌બુદ્ધિ, સત્સંગની ઇચ્છા, એ કૃપા જ કહેવાય. એને વધારવા માટે પ્રાર્થના.

ભોજનાલય હોય એમાં બે જમનારા બેઠા. એક માંગે જ નહીં એટલે પીરસનાર જાણે કે આને કશું જ જરૂરી નથી. પણ બીજો જમનારો માંગે તો તેને મળે છે.

એટલે પ્રાર્થના કરીએ. માંગણી કરીએ. પ્રભુ પાસે માંગવું કૃપાનાં કિરણો માંગવા, સંતો–સિદ્ધો પ્રભુ પાસે એ જ પ્રાર્થના કરો, જીવન પ્રમાણિક જીવો તો પ્રભુ વિચારે પણ ખરા કે આને કૃપા આપીએ, તો વાંધો નથી. જપ, પ્રાર્થના, ધ્યાન કરતા જ રહો.

નાશિકમાં મારા ઉપવાસો ૩૧ દિવસના આજે પાણી, કાલે પાણી પણ નહીં, માની કૃપા માટે હનુમાનજીની સ્તુતિ લખી, તો ૧૬ મે દિવસે હનુમાનજીએ અનુભવ આપીને આશ્વાસન આપ્યું. તો આ સ્તુતિ સિદ્ધ સ્તુતિ ગણાય.

સ્તુતિ છે? હોય તો ગાઓ. (સર્વેશ્વરી તરફ જોઇને પૂ. શ્રી બોલે છે.) સર્વેશ્વરી સ્તુતિ ગાય છે. દર ચોથી લીટી સૌ ઝીલે છે.

જે ભક્તરક્ષા કાજ જગમાં પ્રેમથી જાગ્રત રહે,
જે જ્ઞાનભક્તિ યોગ બક્ષે તેમ ધર્મકથા કહે,
જે રિદ્ધિ સિદ્ધિ અર્પનારા સર્વ સંકટને હરે,
ભક્તો તણા શિરમુકુટ તે હનુમાનજી મંગલ કરે.

(૫૬ લીટીની એ સ્તુતિ સૌ પ્રેમપૂર્વક સાંભળે છે. પછી પૂ. શ્રી ફરી કહે છે:–

કૃપા માટે આવી પ્રાર્થના કરવી. બધાં જ બારણા બારી બંધ હોય ત્યાં તમે એક બારી ઊઘાડો. પછી કૃપા મળે જ. પ્રાર્થના ભગવાન તરફ અભિમુખ કરે છે. જપ, પ્રાર્થના, સત્સંગ, સત્કર્મોનું અનુષ્ઠાન જીવનમાં ચાલુ જ રાખો તો કૃપા થાય જ છે.

**પ્રશ્ન :** પ્રત્યાહાર ને જીવનમાં કેવી રીતે વણવો?

**પૂ. શ્રી :** આહાર એટલે ખોરાક. ઈન્દ્રિયો પોતાનો ખોરાક ખાય છે. કાનથી, આંખથી, નાકથી. દરેક ઈન્દ્રિયો પોતાનો ચારો ચરે છે. અને તે પણ વિષયોના ચારા ચરે.

આ વિષયોના ચારા ચરે, આહાર કરે પણ તેનો પ્રતિઆહાર કેવો? આંખનો આહાર જોવાનો છે. પણ તેનો પ્રતિઆહાર સારું જોવાની ટેવ પાડવાનો છે. પ્રભુની કલા, પ્રભુની લીલા જુઓ તો આંખના તે દર્શનની વિક્રિયા પેદા ન કરશે. પ્રભુરૂપે જ સૌને જુઓ.

એ રીતે કાનને ગુણનું કથન, નિંદા ન સાંભળો. તો તે કાન-નો પ્રત્યાહાર. વાણીથી શુભ, સારું જરૂરી એવું જ બોલો તો તે વાણીનો પ્રત્યાહાર થયો. વાણીને અખંડનામમાં લગાડો. હૃદયમાં કામને બદલે પ્રેમ, મમતાને બદલે નિર્મમતા, હાથથી સારાં કામ. આ બધા પ્રત્યાહાર છે.

સંત પણ આ જગતમાં રહે છે, તો અસંત પણ આ જગતમાં રહે છે. પણ બંનેના વચન, શ્રવણ, ભોજન, વિચાર જુદા છે.



એકનું (સંતનું) જીવન શિસ્તવાળું છે. બીજાનું જીવન ખોરવાયેલું છે.

તુલસીદાસે રામાયણમાં એનું વર્ણન ખૂબ સુંદર કર્યું છે– (એમ કહી પલંગ પર પોતાની પાસે પડેલા વ્યવસ્થિત કાગળો-માંથી એક કાગળ કાઢી ગવડાવે છે. જે રામાયણનો અનુવાદ છે.) ચરણે સંત અસંતના વંદુ છું પ્રેમે.

(૧૫, ૨૦ પંક્તિઓ પૂ. શ્રી ગવડાવે છે. સૌ પ્રેમથી ઝીલે છે.)

સમય થતાં પૂ. શ્રી 'હવે હરિઃ ૐ કરો ત્યારે' એમ કહે છે. જેથી સૌ પ્રણામ કરી વિદાય થાય છે.

આજે જે. વી. શાહ સવા આઠ વાગ્યે મહેસાણાથી આવે છે. ભોજનબાદ પૂ. શ્રી તેમની સાથે વાત કરે છે. પરદેશ પ્રવાસની વાતો થાય છે. ત્યારબાદ પૂ. શ્રી ધ્યાનમાં બેઠા છે. સર્વેશ્વરી ડાયરીની નોંધ કરી થોડો સત્સંગ કરી આરામ કરે છે. હરિઃ ૐ.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૨૨૮૨૩૧

# સદ્‌ગુરુ યોગેશ્વર વંદના

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

ભારતીય સંસ્કૃતિમાં ગુરુ–શિષ્યના સંબંધને માતા–પુત્ર સંબંધના જેટલું જ મહત્ત્વ અપાયું છે. માતા પોતાના પુત્રને ગર્ભ-માં નવ માસ સુધી રાખી શિશુરૂપે જન્મ આપે છે ને જન્મથી માંડી ઉપનયન સંસ્કાર સુધી માર્ગદર્શન આપી ઉછેરનાર માતા એ બાળકની પહેલી ગુરુ ગણાય છે. ગુરુ–શિષ્યનો સંબંધ અહીંથી જ આરંભાય છે. ગુરુ શબ્દમાં આવેલ 'ગુ' એટલ જ્ઞાનવર્ધન ને 'રુ' એટલે અશુભ નિવારણ. આમ, જ્ઞાનવર્ધન કરી શિષ્યના જીવનમાં અજ્ઞાનરૂપી અંધકાર ને અશુભ તત્ત્વનું નિવારણ કરનાર જ ગુરુ કહેવાય છે, વેદોમાં કહેવાયું છે–

जन्मना जायते शूद्रः संस्कारात् द्विजमुच्यते। તાત્પર્ય કે જન્મથી દરેક વ્યક્તિ શૂદ્ર હોય છે. ને સંસ્કારોથી એ ઉચ્ચતા પ્રાપ્ત થાય છે. એટલે કે માનવકાયા પ્રાપ્ત કરવી સુગમ છે, પણ માનવીયતા માટે દરેક માનવે સંસ્કાર પ્રાપ્ત કરવા પડે છે. એનું સુવ્યવસ્થિત રીતે નિયોજન કરવાનું કાર્ય કરનાર ગુરુ કહેવાય છે. એક સમય એવો હતો કે જ્યારે નરેન્દ્ર નામનો તોફાની છોકરો ગામભરમાં તોફાન કરી હેરાનપરેશાન જે કરતો હતો તેનું હૃદય ઢંઢોળીને સંસ્કારસિંચન દૈવી રામકૃષ્ણ પરમહંસદ્વારા કરવામાં આવ્યું ત્યારે તે ભારતની પહેલી આધ્યાત્મિક વિભૂતિ સ્વામી વિવેકાનંદ બન્યા. ગીતામાં કહ્યું છે–

श्रद्धामयो च पुरुषः यो यच्छद्ध एव सः। તાત્પર્ય કે જેની



જેવી શ્રદ્ધા હોય છે તેવો તે બની જાય છે. શિષ્ય ને ગુરુની વચ્ચે જે શ્રદ્ધાના તંતુઓનું પવિત્ર બંધન રહ્યું છે તે જ લક્ષ્ય સુધી પહોંચાડી ઉચ્ચ શિખર હાંસલ કરવામાં કામયાબ નીવડતું હોય છે. તૈતરીય ઉપનિષદ્ કહે છે–मातृदेवो भव, पितृदेवो भव, आचार्य देवो भव। તાત્પર્ય કે ગુરુ માતાપિતા સમાન છે, એટલે જ કહેવાયું છે–

गुरु गोविन्द दोउ खड़े, काके लागूं पाय,<br>
बलिहारी गुरु आपकी, गोविंद दियो बताय॥

તાત્પર્ય કે ગુરુ ને ગોવિંદ ભગવાન સાથે હોય તો ભગવાન-નાં દર્શન કરાવનાર ગુરુ પ્રથમ પૂજનીય ગણાય છે. એટલે તો ગુરુને પ્રાતઃસ્મરણીય ને પૂજનીય એવા આદર્શવાદની મૂર્તિ માનવામાં આવે છે.

ગુરુનો બીજો અર્થ છે અંધકારમાંથી પ્રકાશ તરફ એટલે કે અજ્ઞાનરૂપી અંધારમાંથી આત્મજ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઇ જનાર. ઈશ્વરીય સત્તાના અંશરૂપ છે ગુરુસત્તા. સ્વામી રામકૃષ્ણ પરમહંસ કહેતા હતા તેમ ગુરુ તો ભગવાનને મેળવવા માટેનો ઝરૂખો છે. એ ઝરૂખા મારફત ભગવાન પ્રાપ્ત કરી શકાય છે, ગુરુભક્તિ, ગુરુસેવા ને ગુરુમહિમા ગાતાં અનેક સ્તોત્ર રચાયાં છે–

चैतन्यः शाश्वतं शान्तं व्योमातीतं निरंजनम्।<br>
बिन्दुनाद कलातीतं, तस्मै श्री गुरवे नमः॥

આમ, ગુરુનો મહિમા ગાઇને એને સન્માન, ગૌરવ ને ગુરુતાના ઉચ્ચ શિખર પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુ શ્રદ્ધાના કેન્દ્રરૂપ સ્થાન ધરાવે છે. શિષ્યના જીવન-માંથી જો ગુરુ–પદ કાઢી લેવામાં આવે તો તેનું જીવન અંધકાર-

મય બની જશે. પ્રાચીન સમયમાં 'નિગુરા' એટલે 'ગુરુવગરના હોવું' એ ગાળરૂપ મનાતું હતું.

ગુરુ બિન જ્ઞાન નહીં, નહીં રે,
અંધકાર બસ તબ તક રહેગા,
જબ તક હૈ દિનમાન નહીં રે.

શિખ સંપ્રદાય સમાજના આધારરૂપ છે ગુરુપરંપરા. 'શિશ દિયે જો ગુરુ મિલે તો ભીસરતા જાન'નો આદર્શ માનીને ચાલનાર શિખ સંપ્રદાય પોતાના ગુરુ પાસેથી સદૈવ પ્રેરણા ગ્રહણ કરતો રહ્યો છે.

આવી ગુરુ પરંપરા આજે રહી છે ખરી? પ્રાચીન સમયમાં મહર્ષિ માતંગે પોતાના એક શિષ્યના દસ્યુ થઈ જવાની જવાબદારી પોતાને શિરે લઈ પ્રાયશ્ચિત્ત કર્યું હતું. એવી પવિત્રતા, પ્રામાણિકતા અને પ્રખર નૈતિકતા તેમનામાં હતી. આ તત્ત્વોને લીધે ત્યારના સમાજ જીવનમાં તેમનું સ્થાન સર્વોચ્ચ રહેતું હતું. એમનાથી સમાજજીવનની સમસ્યાઓ હલ થઈ જતી હતી. ત્યારે વિદ્યાપ્રાપ્તિનો ઉદ્દેશ માત્ર ધનોપાર્જન ને કામોપભોગ નહોતા.

આજે એ ઉચ્ચ ગુરુ–શિષ્ય પરંપરા નષ્ટ–ભ્રષ્ટ થવાથી કહેવાય છે.

લોભી ગુરુ ને લાલચી ચેલા, દોનો નર્કમેં ઠેલંઠેલા.

કેવળ વેશ બદલવાથી કે મંત્ર બોલી જવાથી ગુરુ થઈ શકાતું નથી. ને તેથી જ આજના સમાજની દુર્ગતિ થવા પામી છે.

ગુરુ તો જ્ઞાનની મૂર્તિ છે, એમ ગુરુ–ગીતા કહે છે. વળી કહેવાયું છે–ગુરુમૂર્તિ ધ્યાનનું મૂળ છે, ગુરુચરણકમળ પૂજાનું મૂળ, ગુરુના વચન મોક્ષનું મૂળ છે, ગુરુ તીર્થસ્થાન છે, ગુરુ



અગ્નિ છે, ગુરુ સૂર્ય છે, ગુરુ સમસ્ત જગત છે, ગુરુને બ્રહ્મા, વિષ્ણુ ને મહેશનું બિરુદ અપાયું છે, કારણ કે ગુરુ આત્મા ને વ્યક્તિત્વમાં શુભ સંસ્કારિતાનું સિંચન કરીને શિષ્યને પરમ જ્ઞાનના પંથે દોરી જાય છે, આધ્યાત્મિક ક્ષેત્રે પરિશોધન ને પરિષ્કાર કરનાર ગુરુના મહિમાને ખરી રીતે મૂર્તિમંત શિવનું બિરુદ આપી શકાય. એ રીતે કેટલાય સાધારણ માણસો ઉચ્ચ વિભૂતિપદને પામી શક્યા છે, ભગવાન બુદ્ધની કૃપાથી હર્ષવર્ધન અશોક, આનંદ ને કુમારજીવ જેવા કેટલાયને મહાનતાની ઉચ્ચ ટોચ પર પહોંચવાની તક સાંપડી શકી છે. સમર્થ ગુરુ રામદાસ ને શિવાજી, સ્વામી રામકૃષ્ણ પરમહંસ ને સ્વામી વિવેકાનંદ, ચાણક્ય ને ચંદ્રગુપ્ત, વિરજાનંદ ને દયાનંદ, સર્વેશ્વરાનંદ અને યુગ–ઋષિ શ્રીરામ શર્મા, મહાત્મા યોગેશ્વર ને સર્વેશ્વરી મા વગેરેની આધ્યાત્મિક ઘનિષ્ઠતા જો ન થવા પામી હોત તો એ વિભૂતિઓથી જે મહાન સેવાકાર્ય થયાં છે તે ન થઈ શક્યાં હોત અને માનવસમાજ એમના પ્રાપ્ત વિભૂતિતત્ત્વથી વંચિત રહેવા પામત. સંકલ્પ, ધૈર્ય ને શ્રદ્ધાનો ત્રિવિધ સુયોગ થવાથી તૈયાર થયેલ મનોભૂમિ પર તેમનામાં થયેલ દિવ્ય આધ્યાત્મિક અંશનું અવતરણ થઈ શક્યું. આવી સુપાત્રતા પ્રાપ્ત કર્યા પછી જ શિષ્યત્વ પ્રાપ્ત થઈ શકે છે. એટલે જ આપણી પ્રાચીન પ્રથા મુજબ ગુરુ–શિષ્યના પવિત્ર સંબંધનું શ્રદ્ધાન્વિત થઈ સ્મરણ કરવા માટે જ ગુરુપૂર્ણિમાનું પર્વ નિયત થયું છે. એને અનુશાસન યા સંકલ્પ પર્વનું નામ પણ આપી શકાય.

ગુરુજનોના પ્રેરક માર્ગદર્શન વિના શિષ્યની મહત્તા ને વ્યક્તિત્વ ઓજસ ન શક્ય બને. પ્રાચીન સમયમાં એટલે જ બાળકની બુદ્ધિ વિકસીત થવાની સાથે જ એને ગુરુકુલમાં મોકલવામાં આવતો ને ત્યાં ગુરુના સાન્નિધ્યમાં તેનું જ્ઞાન,

ચારિત્ર્ય, સમજણ, ભાવના, આદર્શો, સદાચરણ ને પુનિત સંસ્કારોનું ઘડતર થતું હતું. ગુરુજનોના સન્માન ને અનુશાસન-નો સંદેશો 'ગુરુપૂર્ણિમા'નું પર્વ આપી જાય છે. મહર્ષિ પતંજલિએ તેથી તો તેમના યોગદર્શન ગ્રંથમાં પહેલું સૂત્ર 'અથ યોગાનુ-શાસન' આપ્યું છે. એટલે અનુશાસન માનતા વ્યક્તિ જ આધ્યા-ત્મિક સ્તરે પણ વિકાસ પામી ઉચ્ચતા પામી શકે છે, પ્રાચીન સમયમાં શ્રીકૃષ્ણ ભગવાનને સુદામાજી સાંદીપનિ ઋષિના આશ્રમમાં જ્ઞાન–સંસ્કાર–દીક્ષા માટે ગયેલાનું દૃષ્ટાંત ગુરુપરંપરાનું ઉજ્જ્વલ ઉદાહરણ છે, ગુરુશિષ્ય વચ્ચે દાતા–ભિખારીનો નહિ, પણ સહયોગ–સદ્ભાવ ભરી ભાગીદારીનો પવિત્ર સંસ્કારી સંબંધ રહ્યો છે. ગુરુકૃપાથી જિજ્ઞાસા, શ્રદ્ધા, સાધનાબળ, નમ્રતા, ભક્તિભાવ ને તપશ્ચર્યા માટેનું સંકલ્પબળ અનિવાર્ય ગણાય.

પણ 'ગુરુ કીજૈ જાનકર પાની પીજૈ છાનકર' ઉક્તિની જેમ ગુરુ સંભાળીને કરવા જોઈએ, સ્વામી વિવેકાનંદે કહ્યું છે : "જે વેદનું રહસ્ય જાણતા હોય, જે નિષ્પાપ ને કામનાઓથી પર હોય, જે ઉપદેશ આપે પણ પૈસા પેલા કરવા માંગતા ન હોય, જે શાંત હોય, સજ્જન હોય, જે ઋતુરાજ વસંતની જેમ આવે ને બધું સુંદર ને શીતળ કરી મૂકે એવા ગુરુ પોતે સંસાર તરી જાય છે તથા અન્ય શિષ્યોને પણ સંસાર સાગર પાર કરાવે છે. ગુરુ પિતા અને આચાર્ય દેવતાને સ્થાને છે, સારા ગુરુ શિષ્યોમાં જિજ્ઞાસા જગાવે છે, પણ અનધિકારી વ્યક્તિને ઉપદેશ આપવો તે ઊંધી ગાગર મૂકી તેના પર પાણી રેડવા જેવું છે."

બીજી બાજુએ પ્રકાંડ વિદ્વાન મેક્સમૂલરનું કથિત પણ સાચું છે : "ગુરુઓ તો સેંકડોની સંખ્યામાં મળી શકે, પણ સારા શિષ્યો ભાગ્યે જ મળે છે."



દશરથ રાજાના ગુરુ વસિષ્ઠ ઋષિ હતા, શુકદેવજીના ગુરુ જનકરાજા હતા, પરીક્ષિતરાજાના ગુરુ શુકદેવજી મહારાજ હતા, મહાત્મા ગાંધીજીના રાજકીય ક્ષેત્રે ગુરુ તરીકે દેશભક્ત ગોખલેજી તો ધર્મ–આધ્યાત્મિક ક્ષેત્રે શ્રીમદ્ રાજચંદ્રજી હતા, જનકરાજાએ ગુરુદક્ષિણામાં શુકદેવજી પાસેથી દેહાભિમાન માંગ્યું હતું! ભગ-વાન દત્તાત્રેયે જુદા જુદા ગુણ અપનાવવા ચોવીસ જેટલા ગુરુ કર્યા હતા.

કવિ ક્રિપ્લિંગ કહે છે : "મારા છ ગુરુઓ છે. જેમની પાસેથી મને જ્ઞાન મળ્યું છે. કોઈ પણ ઘટના બની કે પૂછો, શું બન્યું? ક્યારે બન્યું? કેવી રીતે બન્યું? શા માટે બન્યું? ક્યાં બન્યું? ને કોનાથી બન્યું? આ છ પ્રશ્નો પૂછવાથી ગુરુઓ બધું જ્ઞાન આપશે." મહાભારતના યુદ્ધ ટાણે અર્જુને ભગવાન કૃષ્ણે આપેલ ગીતાજ્ઞાન વખતે આ રીતે **"परिप्रश्नेन सेवया'**દ્વારા જ ગીતામૃતનું જ્ઞાન મેળવ્યું હતું. સંત નામદેવને ય ગોરા કુંભાર જેવા ગુરુ પાસેથી જ સાચું જ્ઞાન મળ્યું હતું ને? હિરણ્યકશિપુને મારવા માટે થાંભલા-માંથી પ્રગટ થતી વખતે ભગવાન નૃસિંહ 'ગુરુ ગુરુ' ઉદ્ગાર જ બોલ્યા હતા. સદ્ગુરુ મંત્રદાતા ને મોક્ષદાતા બની નારાયણ સુધી પહોંચવાની સીડી બનતા હોય છે તે શિષ્યના અક્ષરતત્ત્વથી લઈ મોક્ષની અભીપ્સાનું કામ કરે છે. તે સૂર્યસમાન છે. તે જન્મગુરુ સિવાય શિક્ષકગુરુ, કલાગુરુ ને કુલગુરુ એમ બધાની ગરજ સારે છે. તેની કૃપા વગર ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. તેના ચરણકમલની પરાગરજ શિષ્યના મનના અરીસાને શુદ્ધ કરી શકે છે, તે શિષ્યની હૃદયવીણા પર સૂર જગાડી અંતરમાં રહેલા બીજમાં પ્રાણ પૂરે છે, બીજને અંકુરિત કરી વૃક્ષ બનાવે છે ને શિષ્યમાં આધ્યાત્મિક જાગૃતિ આણે છે. ગુરુ–શિષ્ય પરંપરા નાદ-વંશ કહેવાય છે. ને પિતા–પુત્ર પરંપરા બિંદુવંશ.

બીજી રીતે કહીએ તો પરમાત્મા સૂર્યરૂપ છે ને ગુરુ ચંદ્રરૂપ છે તથા શિષ્ય અજ્ઞાનથી આવૃત્ત કાળા વાદળરૂપ છે. સદ્‌ગુરુના માધ્યમદ્વારા શિષ્યને પરમાત્માનો પ્રકાશ પ્રાપ્ત થાય છે ને પરમાત્માનું મિલન થાય છે. તેથી મંદિરોને ગુરુદ્વાર કહેવામાં આવે છે. ગુરુ અસંભવને ય સંભવ કરે છે. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે : 'आत्मनो गुरुरात्मेव, पुरुषस्य विशेषतः અર્થાત્ વિશેષે સંતો જુદી રીતે કહે છે : 'તમારા આત્માને જ તમારો ગુરુ કરજો અને તમે જ તમારા શિષ્ય બનજો, આત્મા જ ગુરુ ને આત્મા જ શિષ્ય. આત્માની વાણી એ ગુરુવાણી છે. આત્માનો રણકાર સાંભળતા શીખજો અને તે મુજબ આગળ વધજો.'

જ્ઞાની કવિ અખાએ કહ્યું છે : 'ગુરુ થા તારો તુજ નથી કોઇ બીજો ભજવા.' ગમે તેમ હો. ગુરુ પારસમણિ કરતાં ય ચડિયાતા છે. કેમ કે પારસમણિ તો લોખંડને સોનું બનાવે છે, પણ સદ્‌ગુરુરૂપી પારસમણિ તો શિષ્યને પોતાના જેવો પારસમણિ બલકે તેથી ય ચડિયાતા સ્વરૂપનો બનાવે છે. આમ, સાચા ગુરુનો મહિમા અનેકગણો મહાન છે.

પ. પૂ. સદ્‌ગુરુ યોગેશ્વરજી અમારા આદર્શ ને વંદનીય છે. એટલે અંતઃકરણપૂર્વક અમારા ઉદ્‌ગાર છે–

યોગેશ્વર સદ્‌ગુરુ મહાન,
પારસમણિ સમ જીવન ભાણ,
જગજીવન તવ સમ ચંદન,
લાખ અમારા ઉર–વંદન.

જીવન તુજનું જગને લ્હાણ,
કંચન કરતું હોયે પ્હાણ.

(સંપૂર્ણ)


## સ્વરાજપ્રાપ્તિ પછી હવે સુરાજ્ય આપણી મંઝિલ

જ્યાં મન ભય રહિત અને મસ્તક ઉન્નત હોય; જ્યાં જ્ઞાન મુક્ત હોય; જ્યાંનું જગત ઘરગથ્થુ દીવાલોથી વહેંચાયેલું ન હોય; જ્યાં વાણીનું ઉદ્‌ગમન સ્થાન માત્ર સત્ય જ હોય, જ્યાં અથાગ પુરુષાર્થ સંપૂર્ણતાને પામવાને પ્રયત્ન કરતો હોય; જ્યાં વિવેક અને બુદ્ધિનું ઝરણું રણની સૂકી રેતીમાં લુપ્ત ન થઇ જતું હોય; જ્યાં મન સતત વિશાળ વિચારધારામાં પરોવાયેલું રહેતું હોય એવા સ્વાતંત્ર્યના સ્વર્ગમાં હે પ્રભુ ! મારા રાષ્ટ્રને જગાડ !

— રવીન્દ્રનાથ ટાગોર

સ્વરાજની લડતમાં જેમણે સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું– કેટલાય નામી–અનામી લોકોએ–શહિદી વહોરી લીધી એ દેશદાઝનો જુવાળ હતો. એ "દેશભક્તિ" હતી–જેને સમાજ આજે પણ યાદ કરીને ગૌરવ લે છે.

શું સ્વરાજ મેળવ્યા પછી આ "દેશભક્તિ" પૂરી થઇ ગઇ?

આપણો એક નાગરિક તરીકેનો સમાજ પ્રત્યેનો, રાષ્ટ્ર પ્રત્યેનો દેશ પ્રેમ, સ્વરાજની પ્રાપ્તિ પૂરતો સીમિત હતો?

મારું કહેવાનું તાત્પર્ય એ છે કે "સ્વરાજ" પછી હવે "સુરાજ્ય" માટે પણ દેશભક્તિની સમર્પિત ભાવનાને સમાજમાં ઉજાગર કરવાની છે. કોઇ પણ માનવી પોતાના કાર્યક્ષેત્રમાં જ્યાં હોય ત્યાં પોતે સમાજ માટે, દેશ માટે પોતાનો કર્તવ્યધર્મ નિભાવે. આ પણ "દેશભક્તિ" છે અને લોકનજરે તેને સ્વીકૃતિ મળવી જોઇએ.

— કેશુભાઇ પટેલ
મુખ્ય મંત્રી–ગુજરાત

* સમૃદ્ધ–સંસ્કારી ગુજરાત : અખંડ–શક્તિશાળી ભારત *

માહિતી/વપન/ગ/૯૮, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સંત શ્રી રણછોડદાસજી મહારાજના જીવનચરિત્રમાંથી

# ચૂંટી કાઢેલા પ્રેરક પ્રસંગો

મૂળ લેખક : શ્રી દમયંતી સેજપાલ
સંકલન : પરમાર્થી

## પ્રસંગ : ૧

રઘુપતિવર દૂતં વાતજાતં નમામિ.

એક રાત્રે શ્રી હનુમાનજીએ પૂજ્યશ્રીને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને જણાવ્યું કે 'તમે કામદગિરિ પર્વત પર જઇને એની પશ્ચિમ બાજુએ થોડા નીચે ઊતરજો. તમને ત્યાંથી મારી મૂર્તિ મળી આવશે. મને નીચે લઇ જઇને મારી પૂજા પ્રતિષ્ઠા કરજો.'

બીજે દિવસે સવારે પૂજ્ય શ્રી સંત ગોવર્ધનદાસજી નામના મહાત્માને સાથે લઇને કામદગિરિ પર ગયા.

સ્વપ્નમાં થયેલી આજ્ઞા મુજબ નિશ્ચિત જગ્યાએ પહોંચતા પહાડનો પથ્થર એક ભયંકર—અત્યંત ઘોર—અવાજે ફાટયો અને તેમાંથી શ્રી હનુમાનજીની મૂર્તિ પ્રગટ થઇ!

સંત શ્રી ગોવર્ધનદાસજીની મદદથી એ મૂર્તિને નીચે ઉતારીને પૂજ્યશ્રીએ એક વૃક્ષ નીચે પધરાવી અને વિધિસર તેલ, સિંદૂર, નાળિયેર વગેરે ચડાવી તેની પૂજાપ્રતિષ્ઠા કરી. ત્યાર પછી દરરોજ એ મૂર્તિ સમક્ષ બેસીને શ્રી હનુમાન બાહુકના પાઠ કરવા લાગ્યા.

શ્રી ગુરુદેવની આવી અપાર અતૂટ ભક્તિથી પ્રસન્ન થઇને થોડા દિવસ પછી 'અષ્ટસિદ્ધિ નવ નિધિકે દાતા' એવા શ્રી હનુમાનજીએ તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં!



એ મહાન પરમાનંદની સમાધિમાં ડૂબી જઇને ત્રણ દિવસ સુધી પૂજ્યશ્રી એક જ વાક્ય બોલતા રહ્યા, 'ઘંટી આરતી લાઓ, પૂજા કરની હૈ.'

એમને ફરી પાછા યથાવત્ સ્થિતિમાં લાવવા માટે અંતે બધા સંત મહાત્માઓએ શ્રી હનુમાનને ખૂબ ખૂબ પ્રાર્થના કરી. ત્યાર પછી જ પૂજ્યશ્રી એ ભાવસમાધિમાંથી બહાર આવ્યા.

જે ભાવિક કામદગિરિની તળેટીમાં બિરાજતી શ્રી હનુમાનજીએ મૂર્તિની આરાધના કરે છે. તેની પ્રત્યેકની મનોકામના પૂર્ણ થાય છે.

આજે પણ આ મૂર્તિ શ્રદ્ધાળુ ભક્તોદ્વારા ખૂબ પ્રેમથી પૂજાય છે.

## પ્રસંગ : ૨

રઘુપતિવર દૂતં વાત જાતં નમામિ.

એ સમયમાં ત્યાંના લોકો મંગલસિંહ બહારવટિયાનું નામ સાંભળતાં પણ ભયથી ધ્રૂજી ઊઠતા હતા. એક દિવસ નમતી સાંજે મંગલસિંહ તેના સાથીઓ સહિત અનસૂયાજીમાં પૂજ્યશ્રી પાસે આવ્યો. તેઓ ગુફાની બહાર બેઠા હતા.

મંગલસિંહે પૂછ્યું : 'બાબા! કંઇ ખાવાનું મળી શકશે?' 'ભીતર જાકર દેખ લો. દેખો, કુછ મિલ જાય તો ખા લો.'

સૌએ ગુફામાં જઇને જોયું તો ત્યાં લોટ, દાળ, ઘી, બટેટા વગેરે પડેલું. બધાએ સાથે મળીને ઝટપટ પૂરી અને બટેટાનું શાક બનાવી લીધું. ખૂબ ખાધું અને વધ્યું તેટલું સાથે પણ બાંધ્યું. પૂજ્યશ્રીએ તે જોયું.

'બાંધ ક્યા રહે હો?' સહજભાવે પૂછતા હોય એમ પૂજ્યશ્રીએ સવાલ કર્યો.

'બાબા! અમે ડાકુઓ છીએ. હવે કોણ જાણે ક્યારે ફરી જમવા પામીશું, સાથે હશે ત્યાંસુધી ખાઇશું. મંગલસિંહે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

થોડીવાર પછી હસતા ઊછળતા સૌ ચાલ્યા ગયા.

* * *

ચારપાંચ દિવસ બાદ એક ગાડું પૂજ્યશ્રીની ગુફા પાસે આવીને ઊભું રહ્યું એમાં લોટ, દાળ, બટેટાની ગુણી, ઘીનો ડબ્બો વગેરે સામાન ભરેલો હતો. જોતાંવાર પૂજ્યશ્રી બધું રહસ્ય સમજી ગયા.

સાધુનું સ્થાન નિર્દોષ અને તેથી નિર્ભય કહેવાય. પોલીસ પણ ત્યાં તપાસ કરવા ન આવે. ડાકુઓએ અનસૂયાજીમાં ગુરુદેવના નિવાસ્થાનની ઓથ લઇને રહેવાની નેમ રાખી હતી. તેમની આ મુરાદ પૂજ્યશ્રી સમજી ગયા.

આ પ્રસંગે સ્થાન છોડી જવાના એમના સાધુ સમુચિત નિર્ણયને દૃઢ બનાવ્યો. તેથી તેઓ ત્યાંથી થોડે દૂર ઘોર જંગલમાં આવેલી 'જુરી' નદીના કિનારા પર રહેવા ચાલ્યા ગયા. નદીતીરે એમણે એક પર્ણકુટિ બનાવી લીધી. સમય સાધનભજનમાં શાંતિપૂર્વક પસાર થવા લાગ્યો. અહીં પણ પૂજ્યશ્રીએ સાધુસેવા ચાલુ કરી.

સૌ કોઇને પરમ તૃપ્તિદાયક ભોજન કરાવનાર ગુરુદેવનો દેહનિર્વાહ તો ફક્ત ફળાહારથી જ હતો. ઋતુ અનુકૂળ ફળ બોર, કંદ, શિંગોડાંનો જ્યારે અભાવ થઇ જાય ત્યારે તેઓ બોરનાં પાંદડાંનો રસ અથવા એના સૂકા ચૂર્ણનો ઉપયોગ કરતા. આથી ત્યાંના લોકો એમને 'ફલાહારી રણછોડદાસજી મહારાજ' તરીકે ઓળખવા લાગ્યા.



## પ્રસંગ : ૩

### ચિત્રકૂટ રઘુનંદન છાયે.

બોધરામદાસજી મહારાજ ચિત્રકૂટમાં આવેલા 'જાનકી કુંડ' પર સંતસેવા કરતા. કુંડ પર જેટલા મહાત્માઓ આવે, એ સર્વેને મહારાજ ભોજન કરાવે. તેઓ ખભા પર કાવડની જેમ એક ડાલી રાખીને ઘેર ઘેર ભિક્ષા માંગવા જાય. ડાલી પર લાલ વસ્ત્ર ઢાંકી રાખે અને ભિક્ષામાં જે કંઇ મળે તે એ ડાલીમાં ભેગું કરે. આ પદ્ધતિને ચિત્રકૂટમાં 'કામધેનું ફેરવવી' કહે છે.

મહારાજ ભિક્ષામાં મળેલું અનાજ તે દિવસે મહાત્માઓને ખવડાવી દેતા. વર્ષોથી આ પ્રમાણે ચાલતું હોવાથી, આસપાસનાં ગામડાંઓના મનુષ્યો તેમને બની શકે તેટલી ભિક્ષાસામગ્રી અર્પણ કરતા અને મોસમ પર ગુણીઓ ભરીને અનાજ પણ મોકલતા તેથી સંતસેવાનું કામ ક્યારેય અટક્યું નહોતું.

બોધરામદાસજીને પૂજ્યશ્રી પ્રત્યે બહુ જ પ્રેમ. પૂજ્યશ્રી પણ એમને માનની નજરે જુએ. પૂજ્યશ્રી જ્યારે જ્યારે જુરીથી મનીઓર્ડરના રૂપિયા લેવા સીતાપુર પધારે ત્યારે ત્યારે વચમાં આવતા જાનકીકુંડ પર થોડો સમય ગાળીને બોધરામદાસજીને અચૂક મળે.

એકવાર એ રીતે ચિત્રકૂટમાં પધાર્યા ત્યારે ત્યાં વસતા મહાત્માઓએ એમને પ્રાર્થના કરી :

'મહારાજશ્રી! જાનકી મંદિર પાસે જે કૂવો છે તે સાવ સૂકો પડયો છે. તેથી પાણીનું બહુકષ્ટ છે. એકાદ લોટા પાણી માટે છેક નીચે નદીકિનારે જવું પડે છે. આ કૂવાને ઊંડો ખોદાવવાના કામમાં થોડા રૂપિયા ખર્ચવામાં આવે તો પાણી નીકળે અને સૌને રાહત મળે.

જવાબમાં ગુરુદેવે હાસ્ય કર્યું. બહુ જ મધુર હસ્યા પછી કૂવો જોવાને બહાને કૂવાને ફરતી એક પરિક્રમા કરી અને મનોમન વરુણ દેવતાનું આવાહન કરીને બોલ્યા :

'આપ સબ લોક થોડા પરિશ્રમ કરકે નીચે જાઓ ઔર મંદાકિની (ગંગાજી) મૈયાસે દશ ડબ્બા જલ લાકર ઈસ કુએ મેં છોડ દો. ભગવાન સબકુછ ઠીક કર દેંગે.'

આજ્ઞાનો તરત જ અમલ થયો અને એ સૂકા કૂવામાં અમૃત સરવાણીઓ ફૂટી નીકળી. જે કાર્ય વૈજ્ઞાનિક યંત્રબળવડે જ શક્ય હતું, તે કામ પૂજ્યશ્રીએ મંત્રબળવડે સિદ્ધ કરી બતાવ્યું.

**પ્રસંગ : ૪**

**ચિત્રકૂટ રઘુનંદન છાયે.**

સમય ઝડપભેર પસાર થવા લાગ્યો.

બોધરામજી મહારાજના શરીર પર પણ વૃદ્ધાવસ્થાની અસર જણાવા લાગી. તેમનું શરીર લથડી ગયું. બીમારીએ તક સાધીને એમના અશક્ત શરીર પર હુમલો કર્યો. તેમની પાસે એવો યોગ્ય શિષ્ય નહોતો, જે આ સ્થાનનો બોજો સહન કરી શકે. મહારાજ અત્યંત દુઃખી અને ચિંતિત રહેવા લાગ્યા.

એક દિવસ બોધરામદાસજી પૂજ્યશ્રીને યાદ કરી રડવા લાગ્યા. તેથી કુંડ પર રહેતા સંતોમાં એકાદ–બે સંતો પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા. બધી વાત કરી એટલે તેઓ શ્રી મહારાજને મળવા અને ધીરજ આપવા તરત જ કુંડપર આવ્યા.

બોધરામદાસજી મહારાજ શ્રીચરણોને પકડી રડવા લાગ્યા.

'રણછોડદાસજી! હવે આ સ્થાનની શી દશા થશે? મને ક્યાંય આશા દેખાતી નથી. મારા શરીરનો હવે કોઇ ભરોસો નથી. મારું



કાર્ય આપે જ સંભાળવું પડશે. મારી આટલી પ્રાર્થનાનો સ્વીકાર કરો. આ સ્થાન સંભાળવાની પાત્રતા આપના સિવાય બીજા કોઇ-માં મને દેખાતી નથી. આપ ના પાડશો તો મહાત્માઓ અહીંથી ભૂખ્યા–તરસ્યા પાછા જશે. અને સ્થાનમાં અવ્યવસ્થા ફેલાઇ જશે.'

બોધરામદાસજીનાં વિનયભર્યાં વાક્યો અને આંખમાંથી વરસતાં આંસુઓમાં દયાળુ શ્રી ગુરુદેવ ભીંજાઇ ગયા અને થોડી વાર પછી ઉદાસસ્વરે બોલ્યા : 'મૈં આશ્રમ કે ઝંઝટ મેં પડના નહીં ચાહતા હું. ઇંટ પર ઇંટ રખના મૈં નહીં જાનતા. રોટી પે રોટી રખને કા મેરા સિદ્ધાંત હૈ ઔર વહી સબસે અચ્છા હૈ. હાં, યદિ કોઇ સંત સ્થાન સમ્હાલતે હો તો મૈં યથાશક્તિ ઉનકો સહયોગ ભી દેતા રહૂંગા, પર મૈં ખુદ ન તો માલિક બનના ચાહતા હું, ન મહંત બનના ચાહતા હું.'

આટલું સાંભળતાં રામશરણદાસજી મહારાજનામના મહાત્મા બોલી ઊઠ્યા : 'મહારાજશ્રી આપ એમની પ્રાર્થનાનો સ્વીકાર કરવાની કૃપા કરો. હું આપને કોઇ જાતના બંધનમાં નહિ નાંખું. આપ વ્યવસ્થા કરી આપશો અને બહારથી સહાય પહોંચાડતા રહેશો તો હું અહીં રહીને સ્થાન સંભાળવાની જવાબદારી લેવા તૈયાર છું. આપ ભલે યથેચ્છ વિહાર કરતા રહો.'

પૂજ્યશ્રીએ સંતોની પ્રાર્થના અને મહારાજની ચિંતા જોઇને અનિચ્છાપૂર્વક સ્થાનનો ભાર વહન કરાવવાની જવાબદારી ઉપાડવા માટે સ્વીકૃતિ આપી દીધી.

બોધરામદાસજી મહારાજે તુરત કાગળિયાં તૈયાર કરીને સહી સિક્કા કર્યા અને કુંડના તમામ વહીવટનો ભાર પૂજ્યશ્રી પર નાંખી દીધો. બધું પતી ગયાને બે દિવસ વીત્યા પછી બોધરામ-દાસજી મહારાજ નશ્વર શરીરનો ત્યાગ કરીને સાકેત ગયા.

પૂજ્યશ્રી પણ જુરી છોડીને કુંડ પર આવી ગયા અને બોધરામદાસજી મહારાજના સેવકોનો સહયોગ મેળવીને તેમની પાછળ મોટો ભંડારો કર્યો.

**પ્રસંગ : ૫**

રામ હિ કેવલ પ્રેમ પિયારા

રામબહોરીજી સરૈયા ગામના રહેવાસી. ચિત્રકૂટથી અઢારેક માઇલ દૂર આવેલું એ નાનકડું ગામડું.

રામબહોરીજીના આગ્રહથી પૂજ્યશ્રી એ ગામમાં પણ અનાજ ઉઘરાવવા જાય. મહિનો પંદર દિવસ રહે અને ગામલોકોએ જે કંઇ અનાજ આપ્યું હોય તે બેલગાડીમાં ભરીને ચિત્રકૂટ પહોંચતું કરે.

આ ગામના શ્યામસુંદરજીને પૂજ્યશ્રીમાં ખૂબ શ્રદ્ધા. એમના એક કુટુંબીએ ત્યાં સંતાન જન્મતાની સાથે જ આંખો મીંચી જાય એથી ઘરમાં સૌ દુઃખી રહે. શ્યામસુંદરજીએ તેમના આ કુટુંબીને આશીર્વાદ આપવા પૂજ્યશ્રીને પ્રાર્થના કરી. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'ફિકર ન કરો. અબકી બાર તુમ્હારે રિશ્તેદાર કે યહાં જો લડકા હોગા વહ જિંદા રહેગા. યહ કૌન બડી બાત હૈ જી? લડકા–બચ્ચા દેના તો સાધુઓં કે બાયેં હાથ કા ખેલ હોતા હૈ.'

જે મનુષ્ય ભગવાનની ત્રણ અનિવાર્ય શરતોનું પાલન કરે છે, તેની સામે પછી ભગવાનની બીજી કોઇ શરત રહેતી નથી.

૧. અંતઃકરણની શુદ્ધિ (૨) મન અને શરીર પર વિજય. (૩) બ્રહ્મ સાથે ઐક્ય.

ભગવાને કહ્યું છે : 'જે મનુષ્ય મારી આ ત્રણ શરતો પાળી બતાવે છે તે અને હું પછી એક જ બની જઇએ છીએ. એનો શબ્દ તે મારો શબ્દ. એનો આશીર્વાદ તે મારો આશીર્વાદ. કારણ કે



જે મારી આ ત્રણે શરતો પાળી શકશે એનામાં અહંકાર નહિ હોય, અધર્મ નહિ હોય. એ કંઇ ખોટું કરશે જ નહિ. એનાથી કંઇ ખોટું થઇ શકશે જ નહિ. તેથી આ શરતોનું પાલન કરનાર માટે શેષ કોઇ નિયમબંધન રહેશે નહિ.'

પૂજ્યશ્રીએ મનુષ્યદેહ ધારણ કરીને ભગવાનની આ ત્રણે આકરી શરતોનું સંપૂર્ણપણે પાલન કર્યું હતું. જેવી એમની કથની હતી, તેવી જ એમની કરણી હતી. તેથી એમણે જે શબ્દો ઉચ્ચાર્યા એના પર ભગવાને મ્હોર મારી દીધી. અને એ શબ્દો ભગવાનના આશીર્વાદમાં પલટાઇ ચૂક્યા.

એ આશીર્વાદને પ્રભાવે શ્યામસુંદરજીના સંબંધીને ઘરે જે પુત્ર જન્મ્યો તે જીવતો રહ્યો; એટલું જ નહિ પણ તેમનો વંશવેલો વધતો ચાલ્યો. તેમના ઘરમાં હંમેશાં રહેતા રુદનનું સ્થાન હવે હાસ્યે લઇ લીધું.

સરૈયા ગામના એક બીજા ભક્તને ત્યાં પણ એવી જ દશા.

પૂજ્યશ્રીએ એની પત્નીને નાળિયેર આપીને કહ્યું : 'લો મા, તુમ્હારા યહ બાલક જરૂર જિંદા રહેગા. બાલક કા ચૂડાકર્મ સંસ્કાર ચિત્રકૂટમેં કરવાના.'

એવી કઇ સ્ત્રી હોય, જે આ પ્રકારના વરદાનથી સંતુષ્ટ ન થાય? બરાબર નવ મહિના પછી એ 'મા' બની.

એ ભાવિક સ્ત્રીએ એના પુત્રનું નામ જ 'મહારાજ દીન્ડ'– મહારાજનો દીધેલો–એવું રાખીને પૂજ્યશ્રીને ડગલે ને પગલે યાદ રાખ્યા.

ત્યાર પછી તો તેઓશ્રીનાં નાળિયેર અનેક ઘરોમાં બાળસ્વરૂપ ધરીને આંગણાં ગજાવવા લાગ્યાં. ધીરે ધીરે સરૈયા ગામની આખી બ્રાહ્મણ જ્ઞાતિ એમની પરમ ભક્ત બની ગઇ.

જ્યારે પૂજ્યશ્રી સરૈયા પધારે ત્યારે શ્યામસુંદરજી તરત એમની સેવામાં હાજર થઇ જાય. એમને જોતાં જ તેઓશ્રી બોલી ઊઠે : 'લાઓ તો ચને કા આટા જલ્દીસે, મુઝે બહુત ભૂખ લગી હૈ.'

ખરું જોતાં તો ભૂખ કેવી ને વાત કેવી? તેઓશ્રીના આ શબ્દોની પાછળ એક રહસ્ય હતું. સરૈયા ગામમાં ઘઉંનો પાક મુદ્દલ નહોતો થતો. અને તેઓશ્રી તો ફક્ત ઘઉંના જ ટિક્કડ લેતા. ઘઉંની રોટી લેવાનો પોતાનો નિયમ શ્યામસુંદરજીને કોઇ જાતની અગવડમાં ન મૂકે. 'ઘઉં તો નથી, મહારાજશ્રીને શું જમાડું.' એવી કોઇ માનસિક ગડમથલમાં ન મૂકે, એટલે માટે તેઓશ્રી સામે ચાલીને ચણાનો લોટ મંગાવે અને લાકડાના ચૂલા પર એની રોટી બનાવીને પ્રેમથી આરોગે.

શ્યામસુંદરજી પ્રસન્ન બની જાય.

સામા માણસને સુખ આપવા માટે, એની સગવડ સાચવવા ખાતર આટલી હદ સુધી જનારા પૂજ્યશ્રી પ્રત્યે કોને આદરભાવ ન થાય?

એમનો ઉપદેશ સાંભળીને ગામ લોકો રામનામમાં અતૂટ શ્રદ્ધા રાખનારા અને ચોરી, વિશ્વાસઘાત જેવાં દૂષણોથી ડરનારા બની ગયા.

પરમ શ્રદ્ધાળુ શ્યામસુંદરજી કહે છે, 'બડે સરકારની કૃપાથી આજેય અમારું એક પણ કામ નથી અટકતું. ગમે તેવો દુશ્મન પણ અમારો વાળ વાંકો નથી કરી શકતો. અમારે ત્યાં જે કોઇ ભાવપૂર્ણ હૃદયે ફક્ત એક વાર એમનું નામ માત્ર ઉચ્ચારે છે, એનું કાર્ય અવશ્ય સફળ થઇ જાય છે.'



# આત્મચિંતન

મૂળ લેખક : માર્કસ ઓરેલિયસ
અનુવાદક : પંડિત દેવકૃષ્ણ શાસ્ત્રી

(૧)

સમુદ્રકિનારાના ખડકો ઉપર મોજાં હમેશાં અથડાયા કરે છે. એ પ્રહારોથી ખડકોને કાંઇ થતું નથી. તમારા હૃદયને તમે એવું જ બળવાન બનાવો.

વિપત્તિને જોઇને હાય હાય ન કરો. ધીરજથી અને દૃઢતાથી વિપત્તિનો સામનો કરો. તમારામાં બીજાઓની સરખામણીએ વધુ નિર્ભયતા અને સ્થિરતા છે એથી આનંદો. જીવનનું ધ્યેય શું છે? જ્યાંસુધી કોઇ પણ બનાવ તમારા વિનય, સ્વાવલંબન અને ઉદારતા ઉપર પોતાનો ખરાબ પ્રભાવ ન જમાવે ત્યાંસુધી એને વિપત્તિ માનવી જ ન જોઇએ. સ્વચ્છ હૃદય જ સૌથી વધુ આનંદપ્રદ હોય છે. વિપત્તિને વિપત્તિ ન માનો. એ સહન કરવાની શક્તિ જે તમારામાં છે તેને તમારું મોટું ભાગ્ય સમજો.

સવારમાં વહેલા ઊઠવાને બદલે બિછાનામાં પડયા રહેવાનું તમે શા માટે પસંદ કરો છો? ઠંડીથી ડરી જઇને બિછાનામાં ચાદર ઓઢીને બેસી રહેવા માટે તમે પેદા થયા નથી. એકેએક દિવસ તમને કર્તવ્યપાલન કરવા માટે મળ્યો છે. ઊઠવામાં ઢીલ ન કરો.

તમારા જીવનનું ધ્યેય શું છે? તમારું કર્તવ્ય શું છે? પોતાની આજુબાજુ નજર નાંખો. ઝાડ–પાન તરફ જુઓ. કોઇ બહારની

પ્રેરણાવિના જ કેટલી સ્ફૂર્તિથી બધા જીવજંતુઓ પોતપોતાનાં કામ કર્યે જાય છે! નાની શી કીડી, નાની શી ચકલી, માખી અને ભમરા તરફ જુઓ. તમે પણ પોતાનું કામ એમની જેમ કેમ નથી કરતા? તમે કહેશો કે જીવનમાં વિસામાનીય જરૂર તો છે ને? બરાબર. પણ વિસામાનીયે કાંઇ હદ તો હોય ને? ભૂખ અને તરસનું ઉદાહરણ લો. જેટલી ભૂખ હોય, જેટલી તરસ હોય તેથી વધુ તમે ખાઇ–પી શકતા નથી. આવો જ નિયમ વિસામાની બાબતમાં પણ કેમ ન હોય?

(૨)

મનને ચંચળ બનાવી દેનારી ચીજોથી દૂર રહેવું એ કાંઇ કઠણ કામ નથી. ખરી રીતે, આપણે આપણી શક્તિને ઓળખતા નથી.

તમારામાં કુશાગ્રબુદ્ધિ નથી, એની ચિંતા ન કરો. એને માટે કાંઇ ઉપાય પણ નથી ને? પરંતુ કુશાગ્રબુદ્ધિ સિવાયના બીજા કેટલાય ગુણ તમારામાં છે. એમના સહકારથી તમે પોતાનું જીવન ઉન્નત બનાવી શકો છો. સુખભોગની ઇચ્છા ન કરવી, શારીરિક કષ્ટની પરવા ન કરવી, સચ્ચાઇથી રહેવું, આ બધું તમારા માટે શક્ય છે. આવા સારા ગુણોનો ઉપયોગ કરવાનું ચૂકો મા. તમે અસંતુષ્ટ રહો, બીજાનું ધન હાથ કરી લેવા ઇચ્છો, અભિમાની બનો અથવા બીજાની ખુશામત કરો એવું તમારા પર દબાણ કરવા કોઇ ઇચ્છતું નથી. આવું વર્તન તમારા માટે સ્વાભાવિક પણ નથી. તમારામાં જેનો અભાવ છે એવી ઊંચી કક્ષાની બુદ્ધિમત્તાથી તમે વર્તો એવું દબાણ તો તમારા પર કોઇ કરતું નથી. બુદ્ધિ તો પોતાની મેળે જ કામ કરે છે. જો તમે પ્રયત્ન કર્યો હોત તો તમે જરૂર ઓછી–વત્તી બુદ્ધિ મેળવી શક્યા હોત. પણ આવો



પ્રયત્ન જ તમે ન કર્યો. તમારામાં જે ગુણો છે એ પૂરતા છે. એનો પણ તમે પૂરો ઉપયોગ ન કર્યો, આ તમારી ભૂલ છે.

(૩)

કંસારા, સુથાર વગેરે કારીગરો તરફ જુઓ. પોતાના કામની લગનીમાં તેઓ નાહવું–ધોવું, ખાવું–પીવું બધું જ ભૂલી જાય છે. સુથાર પોતાના કામમાં જેટલી તત્પરતા બતાવે છે એથી ઘણી વધુ તત્પરતા પોતાના મનની સ્વચ્છતા જાળવવા માટે તમારામાં હોવી જોઇએ; કારણ કે તમારું ધ્યેય એનાથી ઊંચું છે. નટીને જેટલી ચિંતા નાટયની રહે છે એટલી ચિંતા પણ તમે તમારી ભલાઇ માટે કરતા નથી! લોભી પોતાના ધનની તરફ અને આત્મશ્લાઘી પોતાની ખુશામત તરફ જેટલું ધ્યાન આપે છે એટલું ધ્યાન તો તમારે તમારા કર્તવ્યમાં આપવું જોઇએ. લોકો પોતાના લાભ માટે હમેશા પ્રયત્નશીલ રહે છે, ઠીક રીતે ખાતાપીતા નથી અને સૂતા પણ નથી. તો પછી તમારા અતિ ઉત્તમ લક્ષ્યની પ્રાપ્તિ માટે તમે કેમ કાંઇ કરતા નથી?

(૪)

કેટલાક માણસો બીજાનું કાંઇ કામ કરી આપે ત્યારે તેનો લેખિત પુરાવો પોતાની પાસે રાખી મૂકે છે, જેથી એ કોઇ ભૂલી ન જાય અને તક મળે ત્યારે તેનો બદલો પણ મળે. કેટલાક માણસો પોતે કરેલા ઉપકારોની નોંધ રાખતા નથી પણ હમેશાં યાદ રાખે છે અને એથી જેમને લાભ મળ્યો હોય એમને હમેશાં પોતાના ઋણી સમજે છે. પણ કેટલાક માણસો એવા પણ હોય છે કે જેઓ બીજાઓને મદદ કરે છે. અને તત્કાળ ભૂલી જાય છે. મીઠી દ્રાક્ષનું વૃક્ષ મોસમ આવતાં સૌને મીઠાં ફળ ખવડાવે છે,

બદલાની આશા રાખતું નથી. ઘોડો દોડે છે—તમારા કામને માટે. શિકારી કૂતરા અને મધમાખીઓ પણ કોઇ જાતના સ્વાર્થવિના જ તમારાં કામ કરી આપે છે. આ રીતે જે માણસે કોઇને કાંઇ મદદ કરી હોય એ બાબતની વાત તેણે બીજાને કહેવી જોઇએ નહીં. નેક માણસ કાંઇ સારું કામ કરે ત્યારે એવું ઇચ્છે છે કે, પોતાને આવો અવસર વારંવાર મળતો રહે.

(૫)

વૈદ્ય રોગીને દવા સાથે કાંઇક પથ્ય પાળવાનું પણ જરૂર કહે છે. ખોડખાંપણ, ધનહાનિ વગેરે ભગવાને બતાવેલ વૈદકીય નિયમોના ઉલ્લંઘનનું પરિણામ છે એમ સમજીને આપણે એ બધું સ્વીકારી લેવું જોઇએ. પથ્યપાલન ગમતું તો નથી, પણ શરીરને એ લાભદાયક તો હોય જ છે. એવી રીતે સમષ્ટિરૂપી શરીરની ભલાઇ માટે આપણને ક્યારેક ક્યારેક દુઃખ ભોગવવાં પડે છે. અનેક શરીરો અને અસંખ્ય ઘટનાઓથી આ સંસારરૂપી વિરાટ્ શરીરની રચના થઇ છે. આથી એના આરોગ્ય માટે તમારે કડવા ઘૂંટડા પીવા પડે તો ખુશીથી પીઓ.

સુખદુઃખોને સરખાં સમજવાનાં બે કારણ છે : દરેક બનાવ તમારા માટે પ્રથમથી જ નિર્મિત થાય છે. જે કારણકાર્યની પરંપરાથી તમારો જન્મ થયો છે, એથી જ દુનિયાની બધી ચીજો ઉત્પન્ન થઇ છે, તેનાથી છૂટવું અસંભવિત છે.

સમસ્ત જીવસમુદાયના કલ્યાણ માટે અને વિશ્વની પ્રગતિને માટે કેટલીક બાબતો એવી હોય છે કે જે તમને દુઃખદાયક લાગે. તમને એથી અસંતોષ ન થવો જોઇએ. તમે એનાથી અલગ રહેવાની ઇચ્છા ન કરશો. સમષ્ટિથી વ્યષ્ટિ અલગ થાય એ તો



શરીરના કોઇ અંગની ક્ષતિની જેમ વિરૂપ લાગે. એ પ્રકૃતિ ધર્મથી વિરુદ્ધ છે.

(૬)

ભૂલથી ક્યારેક માર્ગભ્રષ્ટ થઇ જાઓ તોપણ નિરાશ ન થશો. સીધે માર્ગે ચાલવાનો પ્રયત્ન છોડશો નહીં. તમે જે પવિત્ર જીવન વિતાવ્યું છે એને યાદ કરીને પોતાના ભાગ્યને વાખણતા વખાણતા ફરીથી સીધે રસ્તે ચડી જાઓ. ક્યારેક ક્યારેક ભૂલ થઇ જ જાય છે. એ સુધારી લેવી જોઇએ. આંખ દુખવા આવે તો એમાં દવા નાંખવી પડે છે. ઘાનો ઉપાય હોય જ છે; સન્માર્ગ ઉપર ચાલતી વખતે આનંદથી કદમ ઊઠાવો. તમારી ચાલ એવા બાળકજેવી ન હોવી જોઇએ કે જે ભારે અણગમાથી નિશાળે જાય છે.

મનમાં શાંતિ સ્થાપવાનું એકમાત્ર સાધન સાચું જ્ઞાન જ છે. એ જ તમારું લક્ષ્ય હોવું જોઇએ.

(૭)

જડ તથા ચેતન ઉપાદાન, જેમાંથી મારું નિર્માણ થયું છે, એ ક્યારેય એકદમ નાશ પામીને શૂન્યમાં ફેરવાઇ જતાં નથી. સંસારમાં બધી વસ્તુઓનું રૂપાંતર થતું રહે છે. જેને હું 'હું' તરીકે ઓળખાવું છું તે શરીર અને પ્રાણ પણ બીજા ઉપાદાનથી બન્યાં છે. પ્રલય અને કલ્પાંતરમાં પણ આ નિયમ ચાલુ રહેશે.

બધી વસ્તુઓના માર્ગ નિશ્ચિત છે, બધી વસ્તુઓ પોતપોતાના નિયત માર્ગ ઉપર જ ચાલે છે. આપણે કોઇને જેમ ઇચ્છીએ એમ બદલી શકતા નથી. 'સાચે રસ્તે ચાલવું એ જ સન્માર્ગ' એમ આપણે કહીએ છીએ. એ રસ્તા ઉપરથી તમે આડાઅવળા ન જશો, સીધા જ ચાલજો. એને જ ન્યાય અને ધર્મ કહે છે.

કોઈ માણસની પાસે ધન-દોલત હોય, તો એ એની પોતાની જ સંપત્તિ છે એમ કેમ માની શકાય? બધી વસ્તુઓ પ્રકૃતિની પોતાની છે. એની સાથે માણસને કેવી જાતનો સંબંધ છે? કોઈ વસ્તુઓ ઉપર અનુરાગ કે આસક્તિ ન રાખો. એના તરફ અણગમો કેળવવાની પણ જરૂર નથી. સાંસારિક વસ્તુઓથી તમારું ભલું કે બૂરું થઈ શકતું નથી. મનને તૃષ્ણા વગરનું બનાવો. ધન પ્રાપ્ત થાય ત્યારે અથવા એ ચાલ્યું જાય ત્યારે-ભલે તમે જાણી જોઈને એનો ત્યાગ કર્યો હોય કે બીજા કોઈ કારણથી એ નાશ પામ્યું હોય, તોપણ મનને સમાન અવસ્થામાં રાખો. તમે જેટલા તૃષ્ણાદ્વેષથી દૂર હશો, એટલા જ મોક્ષની સમીપ હશો.

શાસ્ત્રો એમ કહે છે કે પરમાત્માની પરમકૃપા જેમને પ્રાપ્ત થાય, તેમને પરમાત્માની પ્રીતિ પ્રાપ્ત થાય અને એ પ્રાપ્ત થઈ શકે તે માટે જીવાત્મામાં સદ્દ્બુદ્ધિનો સૂર્યોદય થાય છે.
યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



## * આત્મન્ ! તું તો... *

તું તો પરમ પ્રકાશ, આત્મન્ !
તું તો પરમ પ્રકાશ,
પ્રકાશનોય પ્રકાશ, આત્મન્ !
તું તો ચરમ પ્રકાશ. આત્મન્ !૦

તું અવિકારી, તું અવિનાશી,
પૂર્ણાનંદ-સ્વરૂપ;
શુદ્ધ ચેતનારૂપ અરૂપી !
મંગલમય તદ્રૂપ;
સ્થાવર જંગમ સાક્ષી-સ્વરૂપા
વિશ્વ સકલ આભાસ. આત્મન્ !૦

બ્રહ્મ સત્ય ને મિથ્યા જગ આ,
જીવ-બ્રહ્મ અધ્યાસ;
કૂટસ્થ એરણ લોહકારવત્
નામરૂપના ભાસ !
પ્રાપ્ત કામરૂપા પ્રજ્ઞાઘન
તું ચૈતન્ય વિલાસ. આત્મન્૦

પ્રકાશનોય પ્રકાશ, આત્મન્ !
તું તો પરમ પ્રકાશ
આત્મન્ ! તું તો પરમ પ્રકાશ.

— ડૉ. રણજિત પટેલ (અનામી)

# ચંદાબાઈ

પ્રો. રમેશભાઈ પરીખ

ઉદયપુરની રાજકુંવરીનું નામ હતું ચંદાબાઈ. નામ એવું જ રૂપ અને એવા જ ગુણ. ઉદયપુરની રાજરાણી અજબકુંવરની તે નણંદ થાય. ભાભીના સંગથી કૃષ્ણભક્તિમાં વિશેષ રુચિ થઈ. શ્રી ગુસાંઈજીની અલૌકિક વાતો ભાભી પાસેથી સાંભળી. મનમાં સતત આતુરતા રહેતી કે એક વખત શ્રીગુસાંઈજીનાં મને દર્શન થાય. હું તેમની સેવક થઉં. દિવસે દિવસે તેમની આતુરતા વધતી જતી હતી. એક રાતે તેમને અતિશય તાપક્લેશ થયો. પાછલી રાતે માંડ આંખ મીંચાઈ. સ્વપ્નમાં શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં—પહેલાં ગુરુ સ્વરૂપે અને પછી ગોવિંદ સ્વરૂપે. સ્વપ્નમાં તેઓ શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદમાં ઢળી પડયાં. તેમણે હાથ જોડી, વિનંતી કરી : 'મહારાજ, હું અબળા છું. મારા પગમાં કુળમર્યાદાની બેડીઓ પડેલી છે. મારી ઇચ્છાનુસાર હું કંઈ કરી શકતી નથી. પડદામાં રહેનારી છું આપની પાસે ગોકુળ આવી શકતી નથી. આમને આમ જિંદગી પૂરી થઈ જશે, તો મારી દુર્ગતિ થશે, આપ મારા ઉપર કૃપા કરો, મારો ઉદ્ધાર કરો.'

'ચંદા, પુષ્ટિમાર્ગમાં એક જ ઉદ્ધાર છે—આ જન્મમાં શ્રી-ઠાકોરજીને સમર્પિત થઈને રહેવું. સેવાનું ફળ સેવા છે. સેવા કરતાં કરતાં દેહ છૂટે. શ્રીઠાકોરજીની કૃપા થાય તો મૃત્યુ બાદ અલૌકિક દેહ મળે. શ્રીઠાકોરજીની નિત્યલીલામાં જવાય. ત્યાં સેવાનાં સુખ ફરી મળે. આ સિવાય બીજા કોઈ ઉદ્ધારનો વિચાર પુષ્ટિમાર્ગમાં નથી.'



'મહારાજ! આ તો ખૂબ જ સુંદર વાત છે. શ્રીઠાકોરજી મળે, એનાથી રૂડું બીજું શું હોય! મારાં ભાભી અજબકુંવર પર આપે કૃપા કરી છે. સાક્ષાત્ શ્રીજીબાવાનો એમને રોજનો અનુભવ છે. મારા ઉપર પણ આપ એવી કૃપા કરો.'

શ્રીગુસાંઈજીએ સ્વપ્નમાં જ ચંદાબાઈને બ્રહ્મસંબંધ કરાવ્યો અને આજ્ઞા કરી : 'તું નિશ્ચિત બની જા. તને બ્રહ્મસંબંધ થઈ ગયો છે. તે માટે હવે તારે અમારી પાસે ગોકુળસુધી આવવાની જરૂર નથી. બસ, તું શ્રીઠાકોરજીની સેવામાં લાગી જા.'

ત્યાં તો સ્વપ્ન ખસી ગયું. ચંદાબાઈની આંખ ખૂલી ગઈ. તેમને અતિ હર્ષ થયો. આખો દિવસ વિચારતાં રહ્યાં કે શ્રી-ગુસાંઈજીએ આજ્ઞા તો કરી કે શ્રીઠાકોરજીની સેવામાં સમર્પિત જીવન જીવ, પરંતુ મેં શ્રીઠાકોરજીનાં દર્શન કર્યાં નથી. મારી પાસે શ્રીઠાકોરજીનું સ્વરૂપ પણ નથી. સેવાની રીત–પ્રીત મને આવડતી નથી. હું કેવી રીતે સેવા કરું?

જવાબમાં ચંદાબાઈની બુદ્ધિએ કહ્યું : 'ભલે તેં શ્રીઠાકોરજીનાં દર્શન નથી કર્યાં, સ્વપ્નમાં શ્રીગુસાંઈજીનાં દર્શન તો તને થયાં જ છે! ગુરુ અને ગોવિંદ—બંને સ્વરૂપે થયાં છે. ગુરુ સ્વરૂપે એમણે તને બ્રહ્મસંબંધ કરાવ્યું, ગોવિંદ સ્વરૂપે એમણે તારા બ્રહ્મસંબંધનો સ્વીકાર કર્યો, તારાં તુલસીદળ અંગીકાર કર્યાં. હવે તારે બીજા નવા કયા ઠાકોરજી શોધવાના છે? તારામાં ચિત્ર દોરવાની કલા અને શક્તિ ભરપૂર છે. તેં જેવાં દર્શન કર્યાં છે, એવું સુંદર ચિત્ર બનાવી દે. બસ, એ તારા ઠાકોરજી. એમની સેવા કર. સ્વપ્નમાં શ્રીગુસાંઈજીએ તને સમજાવ્યું છે કે સેવા એટલે પ્રેમલક્ષણા ભક્તિ. શ્રીઠાકોરજીનું સુખ થાય એવી સર્વ બાબત પ્રેમથી કરવી.

બધું શ્રીઠાકોરજીને સમર્પિત કરી, તેમના પ્રસાદરૂપે લેવું એ પ્રેમલક્ષણા ભક્તિ છે. તું પણ એ પ્રમાણે શરૂ કર. શ્રીગુસાંઇજી બુદ્ધિપ્રેરક છે. તને બધું મનોમન શીખવશે.

ચંદાબાઇમાં તે દિવસે અજબનો ઉત્સાહ આવી ગયો. આ વાત તેમણે સૌ પરિવારજનોથી–ખુદ અજબબાઇથી પણ ગુપ્ત રાખી. સવારે સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી તેઓ ચિત્ર દોરવા બેસી ગયાં. આંખો મીંચી. શ્રીગુસાંઇજીનું ધ્યાન ધર્યું. કાગળ ઉપર પીંછી ફરવા લાગી. જોતજોતામાં સુંદર ચિત્ર સિદ્ધ થઇ ગયું. દર્શન કરતાં જ ચંદાબાઇ તે ચિત્રમાં લોભાઇ ગયાં. અપલક નેત્રે જોયા જ કરે. જાણે સાક્ષાત શ્રીગુસાંઇજી બિરાજ્યા ન હોય! એમના મુખારવિંદમાં એમને શ્રીકૃષ્ણનાં જ દર્શન થાય. તેમણે તે ચિત્ર છાતીસરસું ચાંપ્યું.

પછી તેઓ પિતાના મહેલે ગયાં. પિતાને વિનંતી કરી : 'પિતાજી! શ્રીભાગવતજીમાં કહ્યું છે કે માણસે બાળપણથી ગોવિંદ-ના ગુણ ગાવા, ગોવિંદની ભક્તિ કરવી. જિંદગી ક્ષણભંગુર છે. રાગ–ભોગમાં સમય વેડફી દેવો નહિ. તમે સૌ પણ કૃષ્ણભક્તિમાં લાગેલાં રહો છો. મને ડર લાગે છે કે રાજમહેલના ભોગવૈભવમાં જો હું ખરડાઇ જઇશ, તો પછી મને ભક્તિ કરવાનું મન નહિ થાય. મારી ઇચ્છા છે કે હું પણ કૃષ્ણભક્તિમાં લાગી જઉં. તમારી મદદની જરૂર છે.'

રાણાએ કહ્યું : 'કહે દીકરી, શી મદદ તારે જોઇએ?'

'પિતાજી! મારા મહેલમાં એક સુંદર મંદિર બને, તેમાં મારા પ્રભુને હું પધરાવું. તેમની સેવા કરું. બાકી તો બધું તમારી મહેરબાનીથી છે. મદદ કરવા માટે દાસીઓ છે, ચીજ–વસ્તુઓનો



તોટો નથી. એક સુંદર મંદિર બનાવી દો. મારા મહેલના એક ખંડમાં જ એ મંદિર હોય, તેમાં સિંહાસન પર ગાદી–તકિયા હોય, મારા પ્રભુજીને તેના પર પધરાવું અને તેમની સેવા કરું.'

'ઘણી ખુશીની વાત છે, બેટા! આજે જ હું વ્યવસ્થા કરાવું છું. એક જ દિવસમાં બધું તૈયાર થઇ જાય એવી સૂચના આપું છું. તું બેફિકર રહીને સેવા કર. ભગવાન શ્રીકૃષ્ણ તારું ભલું કરે.'

ચંદાબાઇના મહેલમાં ચંદાબાઇની ઇચ્છા મુજબનું મંદિર બની ગયું. સેવા માટે જરૂરી નવાં સાધન–સામગ્રી આવી ગયાં. ચંદા-બાઇએ શ્રીગુસાંઇજીનાં ચિત્રજીની સેવા શરૂ કરી. ઉંમર તો હજી માંડ દસ વર્ષની છે, પણ વિચારોની પ્રૌઢતા અને ભક્તિની દૃઢતા ઘણી છે. જાતે જ રસોઇ બનાવે છે, ભોગ ધરે છે, પ્રસાદ લે છે. તંબુર લઇને આવડે તેવાં ભજન–કીર્તન ગાય છે. કલાકો સુધી શ્રીગુસાંઇજીની સામે નજર માંડી, અપલક નેત્રે દર્શન કર્યા જ કરે છે. સાક્ષાત્ દર્શન ક્યારે થશે, તેના વિરહમાં આંખમાંથી આંસુ-ઓની ધારા ચાલી જાય છે. ક્યારેક હસે છે, ક્યારેક ધ્રુસ્કે ધ્રુસ્કે રડે છે. ઘણીવાર પગે ઘૂંઘરું બાંધી, શ્રીગુસાંઇજીની સામે નૃત્ય કરે છે. આવી ભાવવિભોર સ્થિતિમાં ચંદાબાઇ એમના મહેલમાં એકલાં રહે છે.

ચંદાબાઇની પરણવાલાયક ઉંમર થઇ. તેમના પિતા તેમના માટે યોગ્ય રાજકુંવર શોધવા લાગ્યા. રાજપુરોહિતે જોધપુરના રાજકુંવર તરફ ઇશારો કર્યો. તેમના સમાન જોધપુરના રાજાનો વંશ હતો, એટલે તેમણે રાજપુરોહિતને આજ્ઞા કરી : 'અમારા વતી જઇને જોધપુરના રાજકુંવરનું માગું કરો. માગુ સ્વીકારાય તો તિલક કરી, શ્રીફળ અને સવા રૂપિયો આપી આવો.'

રાજપુરોહિત ગયા. બધું ગોઠવાઇ ગયું. આવીને રાજાને ખુશખબર આપ્યા અને કહ્યું : 'લગ્નની તૈયારી કરો.'

રાણાએ કહ્યું : 'કુંવરીની ઉંમર લગ્નલાયક થવા દો, પછી પરણાવશું.' બે વર્ષ રાહ જોઇ. ચંદાબાઇ બાર વર્ષનાં થયાં. એમનું લગ્ન લેવાનું મુહર્ત કઢાવ્યું. ઉદયપુરમાં ચંદાબાના લગ્નની તૈયારીઓ થવા લાગી.

લગ્નના થોડા દિવસ પહેલાં જ ઉદયપુરના મહારાણાને જાણ થઇ કે ચંદાબાઇના થનાર પતિ જોધપુરના રાણા સંસ્કારી નથી, ધર્મમાર્ગે ચાલનારા નથી, અનેક વ્યસનો અને અપલક્ષણોથી ઘેરાયેલા છે. આવા માણસ સાથે તેમની દીકરીને કોઇ રીતે સુખ–શાન્તિ મળશે નહિ. ઉદયપુરના રાણા ચિંતામાં પડયા. એક બાજુ કુટુંબની આબરુનો સવાલ હતો. આજસુધી સિસોદીયા વંશમાં ક્યારેય થયેલા વિવાહ ફોક થયા ન હતા. વળી, જોધપુરનું રાજ્ય બળવાન રાજ્ય હતું. આ વિવાહ ફોક કરે તો જોધપુરના રાણા વેરની વસુલાત કર્યાવિના જંપે નહિ. મુસલમાન લશ્કર સાથે તો સતત લડવાનું હતું જ, એમાં બીજો દુશ્મન ઊભો થાય. બીજી બાજુ, જાણી–જોઇને દીકરીને દુઃખમાં નાંખવાનું બને. દુઃખ સહન ન કરી શકે તો રાજકુંવરી જીવન ટૂંકાવી પણ દે. રાણાને સમજણ નહોતી પડતી કે શું કરવું અને શું ન કરવું?

પિતાના મુખ પરની ચિંતાની રેખાઓ ચંદાબાઇથી છાની ન રહી. એક દિવસ એમણે પૂછ્યું : 'પિતાજી, આપ બહુ ચિંતામાં દેખાવ છો. મારા કારણે કોઇ ચિંતા છે? હોય તો કહી દો. જરા-પણ અચકાશો નહિ. શ્રીઠાકોરજી બધું સારું કરશે, એમના પર વિશ્વાસ રાખીને કહો.'



ચંદાબાઇએ કહ્યું : 'પિતાજી! તમે ચિંતા છોડી દો. દરેક માણસ એનું ભાગ્ય લખાવીને આવે છે. પૂર્વજન્મના ઋણાનુબંધ હોય એમ જ થાય છે. મારા ભાગ્યમાં જોધપુરના રાણા સાથે જેટલો સમય રહેવાનું લખ્યું હશે, એમાં હું કે તમે મિથ્યા કરી શકીએ તેમ નથી. શ્રીઠાકોરજીનો ભરોસો રાખો. શ્રીઠાકોરજી જે કંઇ કરશે તે આપણા હિતનું જ કરશે. શ્રીઠાકોરજી પોતાના ભક્ત-નું અહિત ક્યારે પણ કરતા નથી. એટલે તમે સર્વ ચિંતા અને ઉદાસીનતા ખંખેરી નાંખો, લગ્નની તૈયારીમાં પડો. કોઇને અણ-સાર આવવા દેશો નહિ.'

દીકરીનાં આવાં બહાદુરીભર્યા વચન સાંભળી રાણાને ધીરજ બંધાઇ. તેમણે તૈયારીઓ જોરશોરથી આરંભી દીધી. લગ્નનો દિવસ આવ્યો. જોધપુરથી જાન આવી. ચંદાબાઇનાં લગ્ન થયાં. પિતાએ ભારે હૈયે જાનને વળાવી. મનોમન શ્રીઠાકોરજીને પ્રાર્થના કરી : 'હે પ્રભુ! અમે તમારા શરણે છીએ. અમારી લાજ રાખજો.'

ચંદાબાઇ જોધપુર ગયાં. તેમની ઇચ્છાનુસાર ઊંચી ટેકરી પર આવેલ એક મહેલ તેમના નિવાસ માટે તૈયાર કરાયો. તેમાં ચંદા-બાઇ રહ્યાં. પિતાએ દાયજામાં ઘણી સંપત્તિ આપી હતી. સાથે ચાર દાસીઓ પણ આપી હતી. ચંદાબાઇએ ત્યાં તેમની સેવા પધરાવી. દાસીઓની સહાયથી એકાંતમાં સેવા કરવા લાગ્યાં. મહેલ એટલી ઊંચાઇ પર હતો કે કોઇ ધાંધલ–ધમાલ એમને નડી નહિ.

જોધપુરના રાણાએ જ્યોતિષીઓને બોલાવ્યા. નવાં રાણી સાથેના પ્રથમ સમાગમ માટેનું મુહૂર્ત કઢાવ્યું. પોતાના મંત્રીને આજ્ઞા કરી : 'આવતીકાલનું મુહૂર્ત છે. તે માટેની તૈયારી કરો. જરૂરી સર્વ સાધન–સામગ્રી, વસ્ત્ર–આભૂષણ સોનાના થાળમાં સાજી, રેશમી વસ્ત્રોમાં વીંટી, તમે રૂબરૂ જઇને રાણીને સોંપો.

મુહૂર્તના સમયની પણ તેમને જાણ કરો. અમારા સ્વાગત માટે તૈયાર રહેવાની પણ તેમને સૂચના આપો.'

મંત્રીએ તે પ્રમાણે કર્યું. તેઓ રાણીના મહેલે ગયા. રાણીની દાસીઓને કહ્યું : 'રાણીસાહેબાને વિનંતી કરો કે મંત્રી મળવા આવ્યા છે. રાણાજીનો ખાસ સંદેશો લઈને આવ્યા છે.'

દાસીએ સમાચાર આપતાં ચંદાબાઈ આવ્યાં. વચ્ચે આછો–પડદો હતો. પડદાની એક બાજુ ચંદાબાઈ ગાદીતકિયે બેઠાં હતાં, બીજી બાજુ મંત્રી ઊભા હતા. રેશમી વસ્ત્રમાં વીંટેલા મોટા થાળ સાથે માણસો ઊભા હતા.

મંત્રીએ પ્રણામ કરી, રાજાનો સંદેશો આપ્યો.

ચંદાબાઈએ કહ્યું : 'મંત્રીજી, તમે જે સાધન–સામગ્રી લાવ્યા છો, એમાં એવું શું છે, જેની દુર્ગંધ મને અહીં સુધી આવી રહી છે?'

'રાણીજી! એ મદિરા છે. રાજવી પરિવારનો રિવાજ છે.'

'જુઓ મંત્રીજી, મને મદિરાની ભારે નફરત છે. મારા મહેલ-માં એ અપવિત્ર વસ્તુ રખાશે નહિ કે તેનો કોઈથી ઉપયોગ પણ થશે નહિ. માટે, તે પાછી લઈ જાઓ. હમણાંને હમણાં જ એ વસ્તુ મહેલમાંથી બહાર મોકલાવી દો.'

'રાણીજી, તમે આવી આજ્ઞા કરો છો, પણ રાણાજીને તે વિના ચાલતું નથી. આ વાત તેઓ સાંભળશે તો ભારે ગુસ્સે થશે. તમે મુશ્કેલીમાં મૂકાશો. માટે, મારી સલાહ માનો તો તમે ચૂપ રહો.'

'મંત્રીજી, મને ધમકી આપો છો? હું પણ વીર મહારાણાની પુત્રી છું. વીરતા મારા લોહીમાં છે. હું અધર્મ ચલાવી લઈશ નહિ. જે થવાનું હોય તે થાય, મને પરવા નથી.'



મંત્રી ચૂપચાપ ચાલ્યા ગયા, મદિરા પાછી લઈ ગયા. મરચું–મીઠું ભભરાવીને જોધપુરના રાણાને વાત કરી. રાણા ધુંવાપુંવા થઈ ગયા. ક્રોધથી આંખો લાલ થઈ ગઈ. શરીર ધ્રુજવા લાગ્યું. મ્યાનમાંથી તલવાર ખેંચી. પગમાં મોજડીઓ પણ પહેરવાનું યાદ ન રહ્યું. ખુલ્લા પગે, ખુલ્લી દલવારે ક્રોધથી ધ્રુજતા રાણા ચંદાબાઈ-ના મહેલે આવ્યા. દાસીઓએ ચંદાબાઈને સમાચાર પહોંચાડયા. ચંદાબાઈ સામે આવ્યાં. શાન્ત, નિશ્ચલ બની ઊભાં રહ્યાં. ક્રોધથી લાલઘૂમ થયેલા રાણાએ ન કહેવાના શબ્દો કહ્યા. જવાબમાં ચંદા-બાઈએ એટલું જ કહ્યું : 'તમારી હરકતોને હું હરગીઝ તાબે થઈ શકું નહિ. આ મહેલમાં શ્રીઠાકોરજી બિરાજે છે. ત્યાં કંઈ અ-પવિત્રતા ચાલશે નહિ. છતાં તમને તમારી મનમાની કરવી હોય તો તમે મારા શબ સાથે કરી શકશો. હું જાણું છું કે હું અબળા છું. ચારે બાજુ તમારા સૈનિકો મહેલને ઘેરીને ઊભા હશે. તમારા હાથમાં નાગી તલવાર પણ છે. તમે ક્રોધમાં છો. એટલે શું કરવું અને શું ન કરવું એનો તમને અત્યારે વિવેક પણ નહિ હોય. ન કરવાનું તમે કરી બેસો. તમારા હાથે મરવાનું હું હરગીઝ પસંદ ન કરું. મારું શરીર તમારે ચુંથવું છે, એ તમને જરૂર મળશે.'

એમ કહી ચંદાબાઈ પીઠ ફેરવી દોડયાં. મહેલની અગાશીની સીડીનાં પગથિયાં ઝડપથી ચઢયાં. એક સાથે ત્રણ–ત્રણ પગથિયાં ઠેકતાં અગાશીમાં પહોંચી ગયાં. પાછળ રાણા પણ ખુલ્લી તલવારે દોડયા. અગાશીમાં જઈ ચંદાબાઈએ એક પળનો પણ વિલંબ કર્યા વિના, કઠેડા પર ચડી જઈ, એટલી ઊંચાઈએથી ભૂમિ પર પડતું મૂક્યું. રાણા ડઘાઈને જોઈ રહ્યા.

શ્રીઠાકોરજી પોતાના ભક્તોનો વાળ વાંકો કરતા નથી. ચંદા-બાઈનો વાળ વાંકો ન થાય, માટે એક અદ્‌ભુત લીલા શ્રીઠાકોરજી-

એ કરી. તે જ વખતે પુષ્કળ પવન છૂટયો. ઘેરદાર ઘાઘરો પહેરેલ ચંદાબાઇના ઘાઘરામાં પવન એટલો ભરાયો કે તે ફૂલીને પંખીની પાંખ જેવો થઇ ગયો. આકાશમાં ઊડતું પંખી પાંખો હલાવતું ધીમે ધીમે જમીન તરફ ઉતરે, તેમ ચંદાબાઇ જમીન તરફ ધીમે ધીમે સરકતાં રહ્યાં. આખરે તેમના પગ જમીનને અડક્યા. તેઓ હેમખેમ જમીન પર બેસી ગયાં.

ઊંચી અગાશીમાંથી રાણા આ દૃશ્ય જોતા હતા. તેમને લાગ્યું કે આટલી ઊંચાઇએથી પડેલ માણસ જીવતો રહે નહિ. એમણે માની લીધું કે ચંદાબાઇ પણ મરી ગયાં. અગાશીમાં રાણાની પાછળ ધસી આવેલ સૈનિકોને એમણે હુકમ કર્યો : 'નીચે જઇ ચંદાબાઇના મડદાને ઉપાડી, સ્મશાનમાં લઇ જાઓ અને તેને બાળી નાંખો. મારા હુકમનો અનાદર કરનારનો આવો જ હાલ થવો જોઇએ.'

રાણા અગાશીમાંથી નીચે આવ્યા. એક સૈનિકે પાછા આવી, પ્રણામ કરી કહ્યું : 'રાજાજી! ચંદાબાઇ તો જીવતાં છે, શરીર પર એક ઉઝરડો પણ થયો નથી. ભગવાને એમને બચાવી લીધાં છે.'

રાણાને અતિ આશ્ચર્ય થયું. તેઓ ચંદાબાઇની સામે આવ્યા. ચંદાબાઇ શાન્ત હતાં. એમની આંખોમાં ક્ષમા હતી. તેઓ મૌન હતાં. રાણાને પોતાના કુકર્મ ઉપર ધિક્કાર ઉપજ્યો. તેમણે વાત ફેરવી. તેમણે કહ્યું : 'ચંદાબાઇ! ગઇગુજરી ભૂલી જાઓ. જિંદગી સાથે ગાળવાની છે. તમને તકલીફ પડે એવું હું કંઇ કરીશ નહિ.'

ચંદાબાઇએ કહ્યું : 'રાણાજી! હવે આપણા બે વચ્ચે સંબંધ થવો અશક્ય છે. તમે પણ ગઇગુજરી ભૂલી જાવ. મારા માટે મારા ઠાકોરજીને ઘણો શ્રમ થયો છે. એના નિમિત્ત તમે છો, એટલે હવે હું તમારા મહેલમાં એક ક્ષણ પણ રહેવા માગતી નથી.



તમારું પાણી અને અન્ન મને હરામ છે. હું હમણાં જ મારી દાસીઓ સાથે, મારા ઠાકોરજીને પધરાવી, તમારો મહેલ છોડી ચાલી જાઉં છું.'

રાણાએ સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ ચંદાબાઇ એકનાં બે ન થયાં. રાણો થાકીને પાછો ગયો. ચંદાબાઇએ દાસીઓની મદદથી શ્રીઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવી, રાજમહેલ છોડી દીધો. જોધપુર શહેર બહાર આવેલ એક બગીચામાં જઇને તેમણે મુકામ કર્યો. પોતાના પિતાએ પોતાના રક્ષણ માટે સાથે મોકલેલા માણસો પૈકી એક માણસ સાથે વિતકકથા જણાવતો પત્ર લખી, ઉદયપુર મોકલ્યો. તેમાં લખ્યું કે હવે મારે નથી જોધપુરમાં રહેવું કે નથી ઉદયપુરમાં રહેવું. શેષજીવન હું ગોકુળમાં વીતાવવા ઇચ્છું છું.'

ચંદાબાઇનો પત્ર વાંચી, તેમના પિતાએ જવાબ મોકલ્યો : 'તારા પર પ્રભુની કૃપા છે. પ્રભુની પ્રેરણાથી તું જે પગલું ભરી રહી છે, તેમાં મારી સંમતિ છે. આપણા કુળની મર્યાદા અને કીર્તિને તેં ઉન્નત રાખી છે. તારાં લગ્ન વખતે તને પહેરામણીમાં મેં જે ગામ આપ્યાં હતાં, તેનાથી બમણાં ગામ આજે તારા માટે જુદાં કાઢી રાખ્યાં છે. તને ગોકુળ પહોંચાડવાની બધી તૈયારી કરું છું. તું સુખી થા, એ જ મારા આશીર્વાદ છે.'

એક બાજુ ચંદાબાઇનાં પિયરીયાં ચંદાબાઇને ઉદયપુર આવી, બાકીનું જીવન ઉદયપુરમાં જીવવા સમજાવતાં હતાં, બીજી બાજુ જોધપુરના રાણા ગઇગુજરી ભૂલી જવા સમજાવતા હતા. મક્કમતાથી ચંદાબાઇએ કોઇની વાત સ્વીકારી નહિ. તેઓ જોધપુર છોડી, ગોકુળ તરફ વિદાય થયાં. ઉદયપુરથી મળવા આવેલાં સગાં-સંબંધી ઉદયપુર પાછાં ગયાં.

ગોકુળમાં શ્રીગુસાંઇજી બિરાજતા હતા. ચંદાબાઇ તેમનાં દર્શને ગયાં. બે હાથ જોડીને ઊભાં રહ્યાં. શ્રીગુસાંઇજીએ હસીને પૂછ્યું : 'આવો ચંદાબાઇ, તમે આવ્યાં?'

'હા, મહારાજ! આવી તો ખરી. આ દેહ પર ઘણી ઘાતો આવી, પણ આપની કૃપાથી કુશળમંગળ છું. આપના ચરણારવિંદ-ના પ્રતાપે આપનાં ચરણારવિંદ સુધી પહોંચી છું.'

ચંદાબાઇ ગદ્‌ગદ્ થઇ ગયાં. શ્રીગુસાંઇજીએ તેમનાં બંને ચરણારવિંદ દંડવત કરી રહેલાં ચંદાબાઇના મસ્તક પર ધર્યાં. ચંદાબાઇની દાસીઓ ચંદાબાઇના બે હાથ પકડી, ચંદાબાઇને બેઠાં કરવા લાગ્યાં. ચંદાબાઇ સ્વસ્થ થયાં. તેમણે શ્રીગુસાંઇજીને વિનંતી કરી : 'મહારાજ! સંસારના સર્વ સંબંધો અને સુખો છોડીને હું આપનાં ચરણારવિંદમાં આવી છું. આજ્ઞા આપો તો કાયમ માટે ગોકુળવાસ કરવો છે.'

'ચંદાબાઇએ ગોકુળવાસ કર્યો. તેમણે ભક્તિમાર્ગીય સંન્યાસ મનથી સ્વીકાર્યો. સર્વ અલંકારો ઉતારી, શ્રીગુસાંઇજીને ભેટ કરી દીધા. સાદાં વસ્ત્રો પહેરવા લાગ્યાં. સામાન્ય વૈષ્ણવની જેમ જીવન જીવવા લાગ્યાં.

શ્રીગુસાંઇજી નિત્યલીલામાં પધાર્યાં. જતિપુરાથી આવેલા વૈષ્ણવોએ સમાચાર આપ્યા. 'શ્રીગુસાંઇજી ગોવિંદસ્વામીને સાથે લઇને, સદેહે શ્રીગિરિરાજજીની ભીતર પધારી ગયા છે.' આ સાંભળી શરીર પરથી રંગીન વસ્ત્રો ચંદાબાઇએ ઉતાર્યાં. સફેદ વસ્ત્રો પહેરવા માંડયાં. દેહના નિર્વાહ માટે રોટી અને મગની દાળ શ્રીઠાકોરજીને ધરીને લેતાં. ઘરમાં જ એકાંતમાં ભગવદ્‌સ્મરણ કરતાં. કોઇની સાથે હળતાંમળતાં નહિ.



તેમણે વિચાર કર્યો કે પિતાનું આપેલું ઘણું દ્રવ્ય છે. તે વૈષ્ણવોના ઉપયોગમાં વપરાય તો સારું. ગોકુળમાં શ્રીયમુનાજીના કિનારે યશોદાગાટ છે. તે કાચો હતો. તેમણે યશોદાઘાટ પાકો પથ્થરનો બનાવ્યો. મથુરામાં શ્રીયમુનાજીના કિનારે વિશ્રામઘાટ ઉપર હવેલી બનાવી. જ્યારે તેઓ મથુરા આવતાં ત્યારે ત્યાં રહેતાં.

એક વખત ચંદાબાઇ મથુરાની હવેલીમાં હતાં, ત્યારે આગ્રાથી બાદશાહ જહાંગીર મથુરા આવ્યો હતો. તેને તેના મળતિયાઓએ કહ્યું કે, 'ઉદયપુરનાં મહારાણી કુંવરી ચંદાબાઇ અહીં રહે છે. એને પકડીને કેદ કરીએ તો ઉદયપુરના મહારાણાને નમવું પડે.' કાચા કાનનો જહાંગીર રાજી થઇ ગયો. તેણે તેના સૈનિકોને ચંદાબાઇને પકડી લાવવા મોકલ્યા. દસ હજાર સૈનિકોની ફોજ ચંદાબાઇના મુકામ પર ગઇ. મુકામને ઘેરી લીધો. આખું મથુરા શહેર આશ્ચર્યથી જોતું રહ્યું. સૌ બાદશાહ પર ભારે ગુસ્સે હતાં, પણ કશું કરવા લાચાર હતાં. ચંદાબાઇએ સૌને ધીરજ આપી. 'શ્રીઠાકોરજી આપણી સાથે છે. આપણે જરાય ગભરાવાની જરૂર નથી. સૌ પોતપોતાનું કામ કરો.' સૌને લાગ્યું કે ચંદાબાઇનો ધર્મ ટકી રહેવો હવે મુશ્કેલ છે.

બીજી બાજુ ચંદાબાઇએ ધોતીની જેમ સાડી પહેરી. સાડીનો કછોટો વાળ્યો. માથા પર એક વસ્ત્ર બાંધ્યું અને હવેલીની બહાર આવ્યાં. બાદશાહના સૈનિકો તોફાન મચાવી રહ્યા હતા. ચંદાબાઇએ તેમને પડકાર્યા : 'શા માટે તોફાન કરો છો?'

સેનાપતિએ કહ્યું : 'બાદશાહના હુકમથી તમને પકડવા આવ્યા છીએ.'

'તમે મને પકડીને શું લઇ જવાના હતા? તમે કહો ત્યાં હું પોતે જ આવવા તૈયાર છું!'

ચંદાબાઇ આગળ ચાલવા લાગ્યાં. લશ્કર પાછળ ચાલતું હતું. આખું ગામ ભયથી ધ્રૂજતું આ દૃશ્ય જોતું હતું.

ચંદાબાઇ બાદશાહના મુકામે આવ્યાં. સીધાં બાદશાહની સામે ઊભાં રહ્યાં. બાદશાહને જાણે એમ લાગ્યું કે એક ભયંકર ખુંખાર સિંહ સામે ઊભો છે! બાદશાહ થરથર ધ્રૂજવા લાગ્યો. ચંદાબાઇના અલૌકિક તેજ પાસે તે આંખો પડી ગયો. ચંદાબાઇએ સિંહગર્જના કરીને બાદશાહને કહ્યું : 'ભારતના સમ્રાટ કહેવડાવનાર, તને ધિક્કાર છે. તારા રાજ્યને, તારા લશ્કરને ધિક્કાર છે. એક અબળા-ને પકડવા તું દસ હજારની ફોજ મોકલે છે! તું સાચો શૂરવીર નથી, બાયલો છે. ઉદયપુરના સિસોદીયા મહારાણા સામે લડવાની અને તેમને જીતવાની તારામાં હિંમત નથી. એટલે મારા જેવી અબળાને બાન પકડવા તું તૈયાર થયો છે? તારા શરીરમાં તાકાત હોય અને હિંમત હોય તો મારા પિતાના મુઠ્ઠીભર ધર્મપ્રેમી રજપૂતો સામે તારી બાવીસ લાખની સેના લઈને યુદ્ધ કરવા જા. તેમને તું જીતીશ, તો દુનિયામાં તારી કીર્તિ વધશે. બાકી, બાયલા-પણું કરી, એક સ્રીને પકડવાથી તારી કીર્તિને કલંક લાગશે. જગતમાં તારી હાંસી થશે.'

ચંદાબાઇનાં આવાં શૂરવીર વચન સાંભળી જહાંગીર બાદ-શાહ ઠરી ગયો. શરમથી નીચું જોઇ ગયો. પોતાની ભૂલ સમજાઇ. તે ઊભો થઇ ગયો. હાથ જોડીને બોલ્યો : 'બહેન, ધન્ય છે તને. ધન્ય છે તારાં માતા–પિતાને. ધન્ય છે તારા ધર્મને. તેં મારી આંખો ખોલી છે. મને ખોટું કરતાં બચાવ્યો છે. હવે તને મારી બહેન ગણી વીરપસલી આપું છું, તેનો સ્વીકાર કર.'

બાદશાહે બહુ જ કીમતી શાલ મંગાવી, ચંદાબાને ઓઢાડી.



સોને મઢેલ બે શ્રીફળ ચંદાબાઇના ખોળામાં મૂક્યાં. પાંચસો વીઘા જમીન ચંદાબાઇના નામે કરી, તેનું તામ્રપત્ર આપ્યું અને કહ્યું : 'આજથી હું તમારો ધર્મનો ભાઇ છું. બહેન તરીકે તમે વિના-સંકોચે મારી પાસે માગો.'

ચંદાબાઇએ કહ્યું : 'ભાઇ, જે માણસે તમને આ દુષ્ટ વિચાર આપ્યો અને અધર્મનું કાર્ય કરાવ્યું, તે માણસને તમે કોઇ પણ પ્રકારની શિક્ષા કરશો નહિ, તેને રંજાડશો નહિ, એટલું જ માગું છું, તેને માફ કરી દેજો.'

ચંદાબાઈની આવી ઉદારતાથી બાદશાહ જહાંગીર આશ્ચર્ય-ચકિત થઇ ગયો. તેણે કહ્યું : 'બહેન, અપકારનો બદલો ઉપકારથી આપનાર તમને ધન્ય છે! તમારી ભક્તિ સાચી છે.'

બાદશાહે પાલખી મંગાવી અને માનપૂર્વક ચંદાબાઇને તેમાં બેસાડયાં. જાતે ચંદાબાઇને તેમની હવેલી સુધી પહોંચાડવા ગયો.

ચંદાબાઇનો આવો અલૌકિક પ્રભાવ જોઇ, મથુરાના લોકો રાજી થયા. સૌ ચિંતામુક્ત થયા.

ચંદાબાઇ થોડા દિવસ મથુરામાં રહી, ગોકુળ ગયાં. શેષ જીવન તેમણે ગોકુળમાં વીતાવ્યું.

ચંદાબાઇએ દેહ છોડયો ત્યારે શ્રીગુસાંઇજના પુત્રો શ્રી-ગોકુલનાથજી અને શ્રીઘનશ્યામજી ભૂતળ ઉપર બિરાજતા હતા. ચંદાબાઇએ મથુરાની હવેલી શ્રીઘનશ્યામજીને ભેટ ધરી દીધી હતી.

o

ઘણીવાર માણસનો બાહ્ય દેખાવ તેની સાચી આત્મિક સ્થિતિ દર્શાવતો નથી હોતો, કારણ કે સાચા સંતો પોતાના બાહ્ય દેખાવ પ્રત્યે થોડા ઉદાસીન હોય છે; જ્યારે જેમની પાસે ખરું આત્મિક ધન નથી, તેઓ સજાગ હોય છે. તેઓ એમ કરીને લોકોને આંજવાનો પ્રયત્ન કરતા હોય છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

**ડો. હિમાંશુ પાઠક,**
**શ્રી હેમીના પાઠક.**

**"નિરાંત"**
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E – mail :
hpathakji @ Yahoo . Com



# પૂ. મોટાના જીવનપ્રસંગો

લેખક : પૂ. મોટા
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

### ભગવાન સાથે સંબંધ બાંધો

(જરૂર જણાઈ ત્યાં મૂળ લખાણમાં ફેરફાર કરેલ છે તથા વધારેલ છે.)

આપણે સમાજમાં ભાઈ, બહેન, સગાં, સંબંધી, મિત્રો વગેરે ઘણાં સાથે સંકળાયેલા છીએ. આપણે મુશ્કેલીમાં આવીએ તો તેમને બોલાવીએ છીએ અથવા તો આપણે એમની પાસે જઈએ છીએ. એમ કરતાં કરતાં પરસ્પરનો સંબંધ થતો જાય છે. તેવી જ રીતે ભગવાન છે. એની સાથે આપણે સંકળાયેલા છીએ, પણ આપણને એની જરૂર જ નથી જણાઈ. આપણા અંતરમાં—અંતઃકરણને એની ખરેખરી જરૂર વર્તાય, ત્યાર પછી જો હૃદયમાં બોલાવીએ તો એ આપણને મળે. આપણે 'ભગવાન છે.' એવું માત્ર મોઢેથી બોલીએ છીએ, પણ આપણને તેની જરૂર જણાઈ નથી.

કોઈ વ્યક્તિએ પૂ. મોટાને કહ્યું, 'સંસાર વહેવારમાં આપણને જરૂર પડે છે એટલે આપણે લોકોને બોલાવીએ છીએ.' મેં કહ્યું, 'અલ્યા, ભગવાનનો તો બહુ ખપ પડે છે.' 'મોટા, આ બધું તમે બોલો, પણ અમારી બુદ્ધિમાં ઉતરતું નથી. સંસારવહેવારના સંબંધો જેમ ખપમાં લાગે એમ ભગવાન પણ ખપમાં લાગે?' 'તો રહેવા દે ત્યારે! મારાથી આનો પુરાવો આપી શકાય એમ

નથી. અને આપું તોય તારાથી મનાય નહિ. માટે મહેનત કરવી નકામી છે.'

ભગવાનને જરૂર પડચે બોલાવી શકાય એમ છે, પણ એની સાથે એવો સંબંધ બંધાઈ જવો જોઈએ. એની સાથે આપણે સંકળાયેલા છીએ, એનું સતત આપણને ભાન હોવું જોઈએ. જેમ સંસાર વહેવારમાં સંકળાયેલા છીએ, એ જ રીતે આપણને આ ભાન હોવું જોઈએ.

કોઈ વ્યક્તિ આપણી થોડી મદદ કરે તો તરત જ આપણે 'Thank You' (આપનો આભાર) કહીએ છીએ. આપણે રાત્રે મીઠી ઊંઘ લઈ સવારે તાજા થઈને આપણે આપણો નિત્યનો વ્યવહાર શરુ કરીએ છીએ, પરંતુ જે પરમ શક્તિએ આપણને મીઠી નિંદર બક્ષી અને સવારે સંપૂર્ણ સ્વાસ્થ્ય સાથે તાજગી ભર્યું નવજીવન બક્ષ્યું તે બદલ આપણે પ્રભુનો આભાર માનતા નથી.

પ્રભુએ આપણી કેટલી સંભાળ રાખેલ છે! જીવવા માટે શુદ્ધ હવા અને તે માટે ઉગાડેલ વૃક્ષો, પાણી, અનાજ, કપડાં માટે કપાસ તેમ જ જગતમાં આપણે જે કંઈ જોઈએ છીએ તે સર્વ એ પરમ શક્તિની દેન છે. પરંતુ આપણે આ સર્વ આપવા બદલ તે પરમાત્માનો આભાર માનવાની કે પ્રભુને યાદ કરવાની ભાગ્યે જ કોઈને ફૂરસદ હોય છે.

પ. પૂજ્ય મા શ્રી સર્વેશ્વરીજી ભક્તોને વારંવાર કહેતાં આવ્યાં છે કે, 'તમારા ગુરુનાં, તમારા ઈષ્ટદેવનાં, કે તમને જેમાં શ્રદ્ધા હોય તે ફોટાને કેવળ ફોટો કે ચિત્ર સમજો નહિ. આ ફોટા ચિન્મય હોય છે. તેની સાથે વાતો કરો, ફરિયાદ કરો. તમારી યોગ્ય ભૂમિકા બંધાતા તે જરૂર તમને જવાબ દેશે.'



પૂ. મા એમ પણ કહે છે કે સવારે ઊઠો ત્યારે, આખી રાત ઊંઘી સવારે સાજા–સારા ઊઠવા બદલ, તથા તમારું કોઈ પણ કામ સારી રીતે પાર પડે ત્યારે હમેશાં પરમાત્માનો આભાર માનો.

શ્રી ઇંદિરાદેવી કહેતાં કે દર અર્ધીકલાક–કલાકે એક બે ક્ષણ પણ પરમાત્માને યાદ કર્યા કરો, તેના પરિણામે પરમાત્માના નિરંતર સ્મરણની ટેવ સમય જતાં પડી જશે. પછી તે માટે કોઈ પ્રયત્ન કે સભાનપણે પુરુષાર્થ નહિ કરવો પડે.

મેં પૈસા માટે ભગવાનને એક જ વખત પ્રાર્થના કરી છે. મારા મોટાભાઈને ક્ષયરોગ થયેલો એટલે આણંદમાં ખ્રિસ્તિની ક્ષયની હોસ્પિટલમાં રાખેલા. એ આર્યસમાજી અને પેલા ક્રિશ્ચિયન. એટલે ત્યાં એ ઝગડા કરે. મેં કહ્યું, 'ભાઈ, આપણે અહીં દરદી તરીકે રહ્યા છીએ એટલે આપણે એમની સાથે મેળ રાખીએ તો, આપણને સારી સારવાર આપે. તમે એની સાથે સિદ્ધાંત માટે ઝગડો તો તમને એ સારી રીતે ટ્રીટમેંટ નહિ આપે, ને આપણે પૈસા ખોવાના થશે. માટે તમારે સમજવું જોઈએ. પણ એ તો એવા આકરા સ્વભાવના કે એ પાદરી ને ડોક્ટરની સામે જ થાય. એમણે બાઈબલ વાંચેલું એટલે એમાંથી બધું કહે, 'આવી વાતો તમે માનો છો? આ તો બધું હંબગ છે. પછી એમને દવાખાનામાંથી કાઢી મૂક્યા. પછી મારે એમને લઈને છેક ભાવનગર જવું પડેલું.

જેની પાસેથી પૈસા લીધેલા તે પૈસા માગ્યા કરે. આથી મને મન પર ભાર લાગે. રોજ કેટલો વખત એના જ વિચારમાં જાય. ત્યારે હું કહું કે, 'હું ભગવાનની ભક્તિમાં બેઠો છું કે આ પૈસામાં બેઠો છું? એ બરાબર નથી.' એમ કહીને વિચારને ઝાટકીને પાછો

ભગવાનના નામમાં મનને પરોવું. જેમની પાસેથી પૈસા લીધેલા તે મારા સગાં માસી હતાં. પૈસાદાર હતાં. 'સાતસો રૂપરડી ન આવી તોય શું? એમ ગણી શકે એવાં પૈસાદાર હતાં, પણ માસી સ્વભાવે એવાં ઉદાર નહોતાં.

એક દિવસ હું ભજન ગાતો ગાતો જતો'તો ત્યાં રસ્તામાં મને રોકી ઘણી ગાળો દીધી ને કહ્યું કે, 'કાળા ચોરના પૈસા લઈ આવ ને મને આજે ને આજે પૈસા આપી જા.' બહુ લોકો ભેગા થઈ ગયા. કો'કે કહ્યું કે, 'ઈચ્છાબેન, તમે શું કરવા આ છોકરાને કહો છો? એ કંઈ તમારા રૂપિયા ખાઈ જવાનો છે? આમેય તમારો સગો ભાણેજ છે, એટલે એને ભેટ આપેલા એમ સમજો. પણ એને આટલો બધો પજવો છો શું કરવા? આટલી બધી ગાળો દો છો! એ રસ્તે જતા આવતા ભજન ગાતો જાય છે. આવો સારો છોકરો છે ને તમે આમ કેમ બોલો છો?

એ વખતે મને એટલું બધું લાગી આવ્યું કે 'સાલા. આપણે ગરીબ છીએ ત્યારે આપણને કહે છે ને? ગરીબ ના હોત તો એમની શું તાકાત હતી કે મને એક અક્ષરેય કહે? સગી માસી થઈને, ભરબજારમાં મારું આવું અપમાન કર્યું ને ન બોલવા જેવું બોલ્યાં!' ત્યારે મેં આર્તપોકારથી ભગવાનને કહ્યું કે, 'હે ભગવાન, તું મારી લાજ રાખ. તું મારા માથે ધણીધોરી છે. હવે આ કાળે તારે મારી મદદ કર્યા વગર છૂટકો નથી. હું ક્યાંયથી પણ સાતસો રૂપિયા મેળવી શકું નહિ એવી મારી ગરીબાઈ છે. મને મદદ કરવા માટે તું જ મારો ધણી છે.'

નિશાળેથી ઘેર ગયો, ઘેર જઈને હંમેશા નહાવાની મારી ટેવ. ત્યાર પછી જ જમું. ત્યાં જ પોસ્ટમેન એક ઇન્સ્યોર્ડ રજીસ્ટર આપી ગયો. એમાંથી બરાબર આઠસો રૂપિયા નીકળ્યા. પૈસા



વલસાડથી એક ભાઈએ મોકલેલ. મોકલનાર ભાઈ સાથે મારે કોઈ જ પરિચય નહોતો.

પેટલાદમાં મણિભાઈ જશભાઈ દીવાનનાં પુત્રવધૂ રહેતાં. હું પણ ત્યાં ભણવા રહેતો, એટલે સંબંધ થયેલો. એમને એમ કે પેટલાદથી જો પૈસા મોકલવામાં આવશે તો એ સ્વીકારશે નહિ. એટલે એમણે એમના સંબંધીને વલસાડ કાગળ લખી પૈસા મોકલવાની વ્યવસ્થા કરેલી, એ વાતની મને પછી જાણ થઈ. પણ ખરી રીતે તો તે મારા ભગવાને મને અપાવ્યા.

આ પૈસા મળ્યા એટલે જેવું તેવું નાહીને હું તો માસી પાસે ગયો ને કહ્યું કે, 'માસી, આ તમારા સાતસો રૂપિયા.' 'જોયું ને, હું આટલું બોલી તો તું આપી ગયો. પણ તું એમ ને એમ આપી ગયો હોત તો કેવું સારું થાત!'

મેં કહ્યું, 'બા, ખરેખર મારી પાસે પૈસા હતા જ નહિ. મેં તેમને પૈસા કેવી રીતે મળ્યા તે ઘટના કહી. તેમણે ખાત્રી કરવા કોઈ પાસે મોકલનાર વ્યક્તિનું વલસાડનું શરનામું વંચાવ્યું. મેં સાતસો રૂપિયા આપી દીધા ત્યારથી મને એટલો સંતોષ થયો. 'હે ભગવાન! તું ગરીબ માણસની સંભાળ ખરેખર રાખે છે. તું કેટલી આબરૂ સાચવે છે! તું ન હોત તો આ જગતમાં મારું કોણ હોત?' ભગવાન ખરે વખતે એના ભક્તને મદદ કર્યા વિના રહેતો નથી. એવા તો મારા જીવનમાં કેટલાય પ્રસંગો બનેલા છે.

* * *

એક જણે મને પૂછેલું કે, 'મોટા, ભગવાને નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી એ વાત સાચી હશે? કોઈ ઓળખતો–પારખતો ના હોય તો ત્યાં જઈને કોણ એની હૂંડી સ્વીકારે? આપણા લોકો આવું ચલાવે છે! મેં તેને કહ્યું કે, 'તારે જે માનવું હોય એ

માનજો, પણ હું તો મારા જીવનમાં જે હકીકત બનેલી છે તે વાત કરું છું. હું પરણવા ગયેલો ત્યારે એક પૈસો લઇને નહોતો ગયો. પરણતી વખતે પૈસા તો જોઇએ. મારી મા કહે, 'મારી જોડે બધાની ટિકિટ કઢાવ.' મારી પાસે પૈસા નહિ, અને દેવું કરવાની મારી તાકાત નહોતી. મા તો દેવું કરવાનું કહેતી, પણ હું દેવું કરું તો ભરું કેવી રીતે? માટે પૈસા વિના જ પરણવા ગયેલો. એમ જ વેવાઇને ઘેર ગયા. મને પોંખીને લઇ ગયા. ત્યાં મારો પિતરાઇ ભાઇ મારે માટે પૈસા લઇને આવેલો. ચારસો પચાસ રૂપિયા આપીને મને કહે, 'લે, ચુનીલાલ, આ પૈસા. તારે કંઇ કામકાજ હોય તો જોઇએ.' ચાંલ્લો વગેરે મળ્યું એટલે એ પૈસા મેં પાછા આપી દીધા.

આ બનેલી વાત છે. તમને અતિશયોક્તિ લાગે, પણ ભગવાને મારી હુંડી સ્વીકારેલી. નરસિંહ મહેતાની હુંડી કેવી રીતે સ્વીકારેલી પણ આ પાછળનો અર્થ શો? કે જે ભક્ત હોય એને જ્યારે સાંસારિક રીતે પણ જરૂર પડે છે ત્યારે એનું કામ થઇ જાય છે.

(પૂ. મોટા સાથે સત્સંગ અન્વય–સમન્વયના આધારે)

**વિમાનના ટપાલ દરમાં વધારો**

તા. ૧/૨/૯૯ થી પરદેશની ટપાલના વિમાનના દર-માં લગભગ ૪૨% જેટલો વધારો થયો છે. એટલે પર-દેશના ગ્રાહકોને વિનંતી કે તેમના સરનામામાં ફેરફાર હોય તો તંત્રીને તુરત જણાવવું. — **નારાયણ હ. જાની**



# ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૪

ડો. બી. જે. જાગાણી

**૧. દેવદૂતોની કામગીરી :** ૧. ૧. આ સ્વર્ગમાં દેવદૂતોની કામગીરી નિઃસ્વાર્થ હોય છે. દુઃખી આત્માઓને પોતાના દ્વારા મદદ મળે છે અને પ્રભુને પ્રાર્થના કરીને મદદ મળે તેવી વ્યવસ્થા કરે છે.

૧. ૨. આ સ્વર્ગમાં ભૂરા રંગનો પ્રકાશ પથરાયેલો હોય છે. આ પ્રકાશ પાથરવા માટે મોટા મોટા ટાવર હોય છે. આ ટાવર દેવદૂતોને માર્ગદર્શકની ગરજ સારે છે. દરેક ટાવર પર દેવદૂતની નિમણૂંક કરવામાં આવી હોય છે!

૧. ૩. નીચલી કક્ષાના આત્માઓના પોકારો સાંભળીને દેવ-દૂતો દયાના મિશન નામના દૂતોને તે આત્માને મદદ પહોંચાડ-વાની કામગીરી કરવાની જાણ કરે છે. દયાના મિશનના દૂતો ટાવરોના પ્રકાશના આધારે જરૂરિયાતવાળા આત્માઓ પાસે પહોંચી જાય છે. દુઃખી આત્માઓને 'વચગાળાના વિસ્તારમાં લઇ જાય છે અને પોતાની ઉન્નતિનો માર્ગ પસંદ કરવા છોડી દેવામાં આવે છે.

૧. ૪. ઘણી વખત દેવદૂતો દુઃખી આત્માઓને પહેલા સ્વર્ગ-ના પ્રવાસે લઇ જાય છે અને તેઓને ત્યાં સર્વસમર્થ ઈશ્વરની અજાયબીઓ દેખાડે છે કે જેથી તેઓ સમજે કે ખરો આનંદ પ્રભુની આ કરામતોના વખાણમાં રહેલો છે અને નહિ કે મલિન વાસનાઓની તૃપ્તિ શોધવામાં. દેવદૂતો સમજાવે છે કે મલિન

વાસનાઓનો ત્યાગ કરી નૈતિક અને આત્મિક વિકાસ સાધવામાં ભલું રહેલું છે.

૧. ૫ આ સ્વર્ગમાં વાણિજ્ય વિભાગ છે. પૃથ્વી પર જ્યારે શરીરધારી હતા, ત્યારે તેઓએ વાણિજ્યનું જે જ્ઞાન મેળવેલું તેમાં વધારો કરવાની અહીં તક મળે છે. આ નવા જ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી પૃથ્વી પરના હાલના વાણિજ્ય–વેપારમાં પ્રવૃત્ત માનવોને અદૃષ્ટ રીતે મદદ કરવાનું કામ આ પ્રકારના દેવદૂતો કરે છે.

૧. ૬. જેઓ પૃથ્વી પર શરીરધારી હતા ત્યારે વિજ્ઞાની કે સંશોધકો હતા પણ શરીર છૂટી ગયા પછી તેઓ આ સ્વર્ગમાં આવીને સંશોધન ખાતામાં દેવદૂત તરીકે કામગીરી કરે છે. આ ખાતામાં પૃથ્વી પર વૈજ્ઞાનિક પ્રયોગો થાય તે પહેલાં આ સ્વર્ગમાં પ્રયોગો થાય છે. સફળ પ્રયોગોના તારણો, રીત અને સમજ અંગેના આંદોલનો દેવદૂતો પૃથ્વી પરના વૈજ્ઞાનિકો તરફ મોકલે છે અને પૃથ્વી પરના વૈજ્ઞાનિકોને આ રીતે મદદ પહોંચાડે છે. સુથાર, કડીયા, હસ્તકળાના કાલીગરો ચિત્રકારો વગેરે સ્વર્ગમાં હોય છે જે પૃથ્વી પરના આવા માણસોને પોતાનાં વિશિષ્ટ અને વધેલા જ્ઞાનને પહોંચાડે છે.

**૨. ગંધર્વો અને કામગીરી :** ૨. ૧. ગંધર્વો અનેક રંગથી શોભતા મહેલમાં વસે છે. આ મહેલો વિવિધ પ્રકારના રંગોથી ક્રમબદ્ધ રીતે પ્રકાશે છે અને મહેલોમાંથી એક પ્રકારની દિવ્ય ગંધ આવે છે. મહેલો પાસેથી પસાર થતા દેવદૂતોમાં આ મહેલોમાંથી નીકળતી દિવ્ય ગંધ, આધ્યાત્મિક ઉત્તેજના જગાવે છે.

૨. ૨. ગંધર્વોની પસંદગી ઉપલા સ્વર્ગમાંના ગંધર્વો કરે છે. ગંધર્વોની પસંદગી ત્રીજા સ્વર્ગમાંના દેવદૂતોમાંથી થાય છે.



ગંધર્વની પસંદગી ખૂબ કાળજી અને વિચારણાને અંતે કરવામાં આવે છે. ગંધર્વ થવા માટે ચાર ગુણ હોવા જોઇએ. ૧. દુન્યવી ભોગો પ્રત્યે ઉદાસીનતા ૨. મિત્ર ને શત્રુ પ્રત્યે સરખો પ્રેમ. ૩. ઈશ્વરની ભક્તિ. ૪. બીજાઓ પાસે કામ લેવાની આવડત. આ ચારેય ગુણ જેનામાં હોય તેને પસંદ કરવામાં આવે છે. એક ગંધર્વને સૌ પ્રથમ એક સ્થાનમાં લઇ જવામાં આવે છે. આ સ્થાનમાં વાસના ઉત્તેજીત થાય તેવી પ્રવૃત્તિ નિહાળવા પ્રેરવામાં આવે છે. ગંધર્વમાં જે લાગણી ઉત્પન્ન થાય તેની નોંધ એક વૈજ્ઞાનિક સાધનમાં આપોઆપ થાય છે.

૨. ૩. પોતાના સ્નેહીજનો પ્રત્યે પ્રેમની લાગણી કેટલી તીવ્રતાવાળી છે તેની જાણકારી બીજા ખંડમાં થાય છે. અહીંયા મિત્રતા અને શત્રુતામાં સમત્ત્વભાવ કેટલો છે તે જાણવા મળે છે.

૨. ૪. ત્રીજા ખંડમાં પ્રભુની અજાયબીઓનું ધ્યાન ધરવાનું કહેવામાં આવે છે. અને પ્રભુ પ્રત્યેના પ્રેમની ચકાસણી થાય છે. આ બધી કસોટીમાંથી પસાર થયા પછી જો ગંધર્વ પાસ થાય તો તેને કેટલાંક થોડાં અઘરાં કામ સોંપવામાં આવે છે. બીજી વ્યક્તિઓ પાસેથી કામ લેવામાં તે કેટલા ન્યાયી અને તટસ્થ રહી શકે છે તે બાબતની કસોટી થાય છે. આટલી કસોટી કર્યા પછી ગંધર્વ તરીકે પસંદ કરવામાં આવે છે અને એક સમારંભમાં સન્માનવામાં આવે છે.

૨. ૫ જે દેવદૂતે સ્વતંત્ર રીતે આધ્યાત્મિક શિસ્તની બાબતમાં પ્રગતિ કરી હોય તેને ગંધર્વની પદવી આપવામાં આવે છે. ગંધર્વ તરીકે પસંદગી પામ્યા બાદ ખાતાઓના વડા તરીકે નીમવામાં આવે છે.

**૩. ગંધર્વોનો પોષાક :** ગંધર્વો ચળકતી કિનારીવાળો પોષાક પહેરે છે. સાધારણ દેવદૂતોને આવી ચળકતી કિનારી હોતી નથી. ગંધર્વો કમ્મરની આસપાસ પીળો પટ્ટો બાંધે છે. જે જમીન તરફ અડધે સુધી લટકતો રહે છે.

**૪. ત્રીજા સ્વર્ગ સાથે જોડાયેલ ગ્રહો :** ૪. ૧. સ્વર્ગમાંથી સૂર્યમંડળને જોઇ શકાય છે. સૂર્યની આસપાસ ઘણા ગ્રહો છે. તેઓ ગુરુત્ત્વાકર્ષણના નિયમના આધારે ટકી રહેલા છે. ગ્રહો સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે અને દરેક ગ્રહ એનું પરિભ્રમણ નિયત સમયમાં પૂરું કરે છે. પૃથ્વી અન્ય ગ્રહોના જેવી છે. અને તે પોતાની ધરી તેમ જ સૂર્યની આસપાસ ફરે છે. ચંદ્ર પણ એક ગ્રહ છે. જે પોતાની, પૃથ્વીની અને સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. એ જ પ્રમાણે, ગુરુ, મંગળ, બુધ, શુક્ર, શનિ, યુરેનસ, નેપ્ચ્યુન અને એવા બીજા નાના ગ્રહો જેમના વિષે તમે કશું સાંભળ્યું નથી તેઓ પણ સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે.

૪. ૨. શ્રીમતિ મથરાણી જણાવે છે કે, 'હું મંગળ અને ગુરુના ગ્રહ પર જઇ આવી છું. ત્રણથી ચાર હજાર ફૂટની ઊંચાઇ ધરાવતા ત્યાં પુષ્કળ ડુંગરો છે. જો કે પૃથ્વી જેવી ઊંચી પર્વતમાળાની ત્યાં હરોળો નથી. આ બંને ગ્રહો ઉપર તળાવો અને નદીઓ છે, પરંતુ તેમની સંખ્યા પૃથ્વી પરની નદીઓ ને તળાવો જેટલી નથી.'

૪. ૩. આ ગ્રહો પર માનવ વસવાટ નથી. ફક્ત કેટલાક આત્માઓના આવાસો છે. કેટલાક ઉતરતી કોટિના જીવો અહીં રહેતા જણાયા છે. તેઓ કોઇક પ્રકારના અર્ધમાનવો ને પ્રાણીઓ છે. અર્ધમાનવ શરીરવાળા જીવો પૂંછડી વગરના વાંદરા કરતા



થોડા મોટા છે. તેઓ કોઇ પ્રકારના નૈતિક કે આધ્યાત્મિક ગુણો ધરાવતા નથી, પરંતુ નિમ્ન સ્તરની શરીર અને મનની શક્તિ ધરાવે છે. તેઓ બધા જ પ્રકારના શારીરિક શ્રમના કામો કરે છે. તેઓ ઘણીવાર સિંચાઇની નહેરો ખોદતા અને પોતાના પોષણ માટે જમીન ખેડતા જણાયા છે. આ જીવોની ઉત્ક્રાંતિ માટે સર્વશક્તિમાન પ્રભુએ તેમની ઉત્ક્રાંતિ માટે પણ કેટલીક વ્યવસ્થા રાખી છે. આમાંના કેટલાક જીવો જ્યારે તેમના આ શારીરિક શ્રમના કાર્યથી કંટાળી જઇ, વિકાસ માટે ઝંખે છે, ત્યારે મૃત્યુ પછી ફરી પૃથ્વી પર જન્મ લે છે અને શારીરિક શ્રમના અગાઉ જેવાં કામો કરે છે. આ અર્ધમાનવોની બધી જ વ્યવસ્થાનું કામ ત્રીજા સ્વર્ગના દેવદૂતોનું એક ખાતું કરે છે.

**૫. પારદર્શક આધ્યાત્મિક કિરણો :** આ સ્વર્ગમાં વ્યક્તિની કસોટી આધ્યાત્મિક પારદર્શક કિરણોથી થાય છે. શ્રીમતિ મથરાણી જણાવે છે કે, 'એક વખત એક સંન્યાસી ત્રીજા સ્વર્ગના સભ્ય તરીકે આવ્યા. તેમનો દાવો હતો કે પૃથ્વી પર તેણે ખૂબ જ ભક્તિ કરી છે એટલે ગંધર્વનું સ્થાન મળે. પણ તેના શરીરમાંથી આધ્યાત્મિક કિરણો પસાર કરવામાં આવ્યાં ત્યારે કિરણો કાળાં પડી ગયાં. એક યાંત્રિક ગોઠવણવડે આ ક્રિયા તેને પણ દેખાડવામાં આવી. પછી તેને સુધરવા માટે—લાયકાત વધારવા માટે જાણ કરવામાં આવી કે જ્યાંસુધી કિરણો પારદર્શક શરીરમાંથી આરપાર પસાર ન થાય ત્યાંસુધી સ્વર્ગના કોઇ ખાતાનો હવાલો સોંપી શકાય નહીં. અન્ય દેવદૂતોની જેમ શરીર વિશુદ્ધ ન બને ત્યાંસુધી ત્રીજા સ્વર્ગમાં રહેવું જોઇએ.'

(ક્રમશઃ)

# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતા રામને પ્રણામ કરીને એમાં પ્રવેશવા માટે તૈયાર થઇ ત્યારે મંદોદરી બોલી : 'અગ્નિની ભયંકર જ્વાળા તને કાંઇ જ નહિ કરી શકે. તું એમાંથી સહીસલામત રીતે બહાર આવશે, કારણ કે અગ્નિ પણ તારી રામને માટેની પ્રીતિ, નિષ્ઠા અને પવિત્રતાથી અનભિજ્ઞ નથી જ.'

'તારી શુભેચ્છા સફળ થશે, મંદોદરી!' સીતા બોલી ઊઠી : 'તું પોતે પતિવ્રતા છે, એટલે પતિવ્રતા સ્ત્રીઓના હૃદયને સારી પેઠે સમજી શકે છે.'

પછી અગ્નિને યાદ કરી, પ્રણામ કરીને એણે ખૂબ જ ગદ્‌ગદ્ સ્વરે પ્રાર્થના કરી : 'હે પરમ તેજસ્વી, સર્વના મનને જાણનારા અગ્નિદેવ! તમે અંતર્યામી છો. જો મારા હૃદયમાં રામ વિના બીજા કોઇનોય પ્રેમ ન હોય, સંયોગ અને વિયોગમાં મેં કેવળ એમનાં જ ચરણમાં પ્રીતિ રાખી હોય, એમનામાં જ મારું સર્વસ્વ સમાયું હોય, તેમ જ જો મન, વચન, કાયાથી હું એમની જ બનીને જીવતી હોઉં, એમના વિના સ્વપ્ને પણ મેં પરપુરુષમાં મન ન લગાડયું હોય, અથવા મારું અત્યાર સુધીનું ચારિત્ર્ય એકદમ નિષ્કલંક રહ્યું હોય, તો મારે માટે આ જ્વાળા ચંદન-સમાન શીતળ થઇ જાય, નહિ તો—મારામાં રામનો સાચો સ્નેહ ના હોય તો—મારે માટે કાળ રૂપ થાય. મને લોકાપવાદથી ભરેલા કલંકિત જીવનનો જરા પણ મોહ નથી.'



સીતાએ અગ્નિની પ્રચંડ જ્વાળામાં અત્યંત શાંતિ સાથે, સ્મિતપૂર્વક, ફૂલની માળામાં કે અમૃતની ધારામાં પ્રવેશ કરતી હોય એવી નિર્ભયતાથી, પ્રવેશ કર્યો.

સૌ સ્તબ્ધ બનીને એ અદ્‌ભુત દૃશ્યને જોઇ રહ્યા.

પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે એ જ વખતે એક ચમત્કારિક ઘટના બની.

સુવર્ણસદૃશ સ્વરૂપ યુક્ત, પીત રેશમી વસ્ત્રવાળા, મુકુટધારી, અગ્નિદેવ જ્વાળામાંથી સીતા સાથે બહાર આવ્યા ને બોલ્યા : 'રામ સીતાની પરીક્ષા થઇ ચૂકી. એ અગ્નિપરીક્ષામાંથી બહાર આવી. એ પૂર્ણ પવિત્ર છે. તમારા સિવાય બીજા કોઇના ય ચરણમાં એને પ્રેમ નથી. તમે એનો સહર્ષ સન્માનપૂર્વક સ્વીકાર કરો. પતિવ્રતા સ્ત્રીઓમાં એ આદર્શરૂપ બનીને સમસ્ત સંસારને સદાને માટે પ્રેરણા પાશે ને પ્રકાશ પહોંચાડશે. એના અલૌકિક જ્યોતિર્મય જીવનનું સ્મરણ કરીને સંસારની સ્ત્રીઓ શક્તિ મેળવશે ને સંસારને સ્વર્ગીય કરી શકશે. તમારા બંનેનો સ્નેહ સનાતન રહે એવો મારો આશીર્વાદ છે. સીતાને માટે આ પ્રચંડ અગ્નિ-જ્વાળા એની અદ્‌ભુત પવિત્રતાની પ્રતીતિ કરાવતી ખરેખર ચંદન સમાન શીતળ બની ગઇ. એને લીધે એને એમાં પ્રવેશ કરવાથી સહેજ પણ ઇજા નથી થઇ.'

અને અગ્નિદેવ અદૃશ્ય થઇ ગયા.

એ જ વખતે મહારાજા દશરથે દિવ્ય લોકમાંથી આવીને રામ, લક્ષ્મણ તથા સીતાને દર્શન આપ્યું.

એમના દર્શનથી આનંદ પામીને એ ત્રણે એમને પગે લાગ્યાં એટલે એ બોલ્યા : 'તમને સૌને જોઇને મને અનહદ આનંદ થઇ

રહ્યો છે. વનમાં રહીને તમે જે અલૌકિક કર્મો કર્યાં અને અત્યારે પણ રાવણ જેવા રાક્ષસનો સંહાર કર્યો એથી મને પ્રસન્નતા થઇ છે. તમે આપણા કુળને ઉજાળ્યું છે. રામ, સીતા પરમ પવિત્ર છે. એ તો સ્નેહની મૂર્તિ છે. એનું મન તમારા વિના બીજે ક્યાંય નથી રમતું. એણે અગ્નિપરીક્ષાદ્વારા પવિત્રતાનું જે પરમ અથવા સર્વોત્તમ દૃષ્ટાંત રજૂ કર્યું છે તે સંસારમાં અમર રહેશે ને પ્રેરક થશે. મારા તમને સૌને અંતરના આશીર્વાદ છે.'

એમણે રામ, લક્ષ્મણ અને સીતાના શિર પર હાથ મૂક્યો.

અને એ અદૃશ્ય થયા.

## પુષ્પક વિમાનમાં

સીતાની આકરામાં આકરી અગ્નિ પરીક્ષા કોઇ પણ પ્રકારના કષ્ટવિના પૂરી થઇ અને સીતા એમાંથી સહીસલામત બહાર આવી એથી સૌથી અધિક આનંદ રામને તથા મંદોદરીને થયો.

એ આનંદ એમના વદન પર સ્પષ્ટ તરી આવતો, તો.

એમની આંખ એ આનંદથી આલોકિત હતી.

એ આનંદની અભિવ્યક્તિ કરતાં રામે સીતાને કહ્યું પણ ખરું :

'આજે મને એવું લાગે છે કે મારા જેવો ભાગ્યશાળી પુરુષ આ સંસારમાં બીજો કોઇ જ નથી. આ આકરી અગ્નિપરીક્ષા-માંથી તું ઉત્તીર્ણ થઇ એ કાંઇ ઓછા આનંદની વાત નથી. આ આશ્ચર્યકારક, અદ્‌ભુત, કરુણાજનક, છતાં આખરે આનંદ આપ-નારા પ્રસંગને હું પોતે તો નહિ જ ભૂલી શકું પરંતુ જેણે જેણે એને જોયો છે તે પણ પોતાના સમસ્ત જીવનપર્યંત નહિ ભૂલી શકે. એ એટલો બધો અલૌકિક, અસરકારક અથવા આશીર્વાદરૂપ છે.'



મંદોદરી બોલી : 'મેં તો પહેલેથી જ કહેલું કે સીતાને કાંઇ જ નથી થવાનું. એ પવિત્રતાની પ્રત્યક્ષ પ્રતિમા છે. એની સાક્ષી સર્વાન્તર્યામી અગ્નિદેવ પણ આપી ગયા. એથી અધિક આનંદકર વસ્તુ બીજી કયી હોઇ શકે? મારું અંતર અત્યારે આનંદના અલૌકિક અર્ણવમાં અવગાહન કરી રહ્યું છે. મારા જેવું સુખી બીજું કદાચ કોઇ યે નહિ હોય. હે રઘુનંદન, તમારા વિયોગને લીધે સીતાએ વેદના તેમ જ વિપત્તિ વેઠવામાં બાકી નથી રાખી. હવે એ તમને મળી છે તો તમારાથી કદાપિ છૂટી ન પડે એવું ઇચ્છું છું. સીતાનું સૌભાગ્ય અખંડ રહે અને એ તમારા શાશ્વત સહવાસનું સુખ લહે!'

સીતાની આંખ ભરાઇ આવી.'

રામનાં લોચન પણ ભીનાં થયાં. એમણે કહ્યું : 'મંદોદરી, તું પોતે સૌભાગ્યથી રહિત થઇ છે અને એ પણ મારા તથા સીતાને લીધે, તોપણ સીતાના અખંડ સૌભાગ્યની ભાવના પ્રકટ કરે છે એ શું ઓછું આશ્ચર્યકારક છે? એ તારા હૃદયની ઉચ્ચતા કે મહાનતા બતાવે છે.'

'એવું કશું જ નથી.' મંદોદરી બોલી ઊઠી : 'બહારનું લૌકિક સૌભાગ્ય તો આવે છે ને જાય છે પણ ખરું. કર્મ અથવા ઋણાનુબંધના આધાર પર કોઇવાર એ લાંબો વખત ટકે છે તો કોઇવાર ટૂંકું ચાલે છે. એનો હર્ષશોક કરવાનો ન હોય. મને એનો હર્ષશોક નથી થતો. જીવનું સૌથી મોટું સાચું સૌભાગ્ય તો તમારી કૃપામાં રહેલું છે. તમારા જેવા પરમાત્માસદૃશ સત્પુરુષોની કૃપાદૃષ્ટિ જેને મળી જાય છે તેનું સૌભાગ્ય સદાને માટે ઊઘડી જાય છે એવું મારું માનવું છે. તમારા દર્શનથી મને એ શ્રેષ્ઠતમ સૌભાગ્ય ચાલ્યું ગયું છે તો બીજું અસાધારણ સૌભાગ્ય મને

સામેથી ચાલીને આવી મળ્યું છે. વળી સીતા તો મારી બહેન બરાબર છે. એને માટે એવી ભાવના કેમ ન કરું?'

'મંદોદરી, તારી મહાનતાની ઘણી વાતો સાંભળી ચૂકેલો, પરંતુ તને નજરે જોયા પછી એ બધી વાતો ફીકી અથવા અધૂરી લાગે છે. તું ધારેલી તેના કરતાં ઘણી વધારે મહાન છે.'

'એવું કહીને મને લજવશો નહિ. મહાન તો તમે છો અથવા સીતા છે. ત્રીજટા મહાન છે. પછી વિભીષણ, સુગ્રીવ તથા તમારા સેવક હનુમાન છે. તમારી સેવા તેમ જ સંન્નિધિમાં સુખસંપત્તિ માનનારી વાનરસેના પણ મહાન છે. બાકી હું તો એક સામાન્ય સ્ત્રી છું. મારામાં મહાનતા જેવું કશું જ નથી.' (ક્રમશઃ)

જેને પામવા જગત મથે છે, તેને પામવા તું મથતો ના, કારણ! આખું જગત ભૌતિક સુખ સામગ્રી પ્રાપ્ત કરવા દોટ મૂકી રહ્યું છે. તેમાં તેને આત્મિક સુખની કલ્પના પણ ક્યાંથી આવવાની?

— યોગેશ્વરજી


દીપક સી. મહેતા

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧


## * જે ચેતશે તે જ જીતશે *

આજની દુનિયા યંત્રવાદી છે. બહારની વસ્તુને વધારે **પૂજનારી છે. સત્ય,** ઈશ્વર ને આદર્શની તે એટલી **પૂજક નથી.** માનવતાથી તે દૂર ને દૂર જતી ચાલે છે. આને પરિણામે પરસ્પર વિદ્વેષ, સત્તાલોલુપતા, વૈભવ ને ભોગની ભૂખ ને વિષયવૃત્તિની અદમ્યતા; યુદ્ધ અસત્ય, ઉત્પાત આ બધાં તેનાં પરિણામ છે. આવા જગતમાં પ્રકૃતિ પણ વિપરીત બને જ ને? પરિણામે વૃષ્ટિના અભાવ, અસહ્ય તાપ, એવું એવું આપણે જોઈએ છીએ. સંસારના આજના અનેક જટિલ પ્રશ્નો—લગભગ બધાય—આ જ કારણથી ઉદ્‌ભવ્યા છે ને વધ્યા છે કે માનવ માનવતાથી દૂર ને દૂર જતો થયો છે, આસુરી સંપત્તિ વધી છે, જડની પૂજા વધી છે, ને માનવ કોણ, શા માટે ને ક્યાં એ વાત વિસરાઈ ગઈ છે. જે ચેતશે તે જીતશે. જે માર્ગ બદલશે તે જ જીવશે. બાકી તો જે સંહાર આપણે જોયા છે તેથીયે ભયંકર સંહાર હજી શેષ છે.

યોગેશ્વરજી

# * ઈશ્વર જ સર્વ કાંઈ છે *

જીવનનું સુખ કેવલ ઈશ્વરમાં જ છે. ઈશ્વર જ જીવનનો આનંદ છે. ઈશ્વરને માટે જે મહાનપુરુષોએ સંસારમાંથી હાથ ધોઈ નાંખ્યા તેમનો વિચાર કરીએ તો આજનો વ્યવસાયી માણસ કેવો લાગે છે? જે મહાન શક્તિ, જે મહાન શરીર ને તક માણસને મળી છે તેનો ઉપયોગ કરી લેવામાં માણસાઈ છે. પણ દુનિયામાં આજે લાખો માણસો છે જે જીવન વિશે વિચારતા પણ નથી : જીવન શું ને તેનો ઉપયોગ શો, તેનું ધ્યેય શું, એ તેમની સમજ બહાર છે. બાહ્ય જીવનના રસ ને જીવન-કલહમાં જ તેમની શક્તિ સમાઈ જાય છે. આ લોકો ભૂલભૂલામણીમાં છે. ને રતનને ખોઈ નાંખે છે. મૂર્ખ રહેવું સારું છે, પણ સાચી વાતને જાણ્યા ને સમજ્યા પછી તેનું આચરણ ના કરવું, તેના અનુભવના સુખથી વંચિત રહેવું એ તો ખૂબ જ દયાજનક છે.

યોગેશ્વરજી

o

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.